RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 195* Date: 13.05.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રાજકોટ જિલ્લાનું સૌથી વધુ તો દાહોદનું સૌથી ઓછું પરિણામ

# ધો.૧૨ સાયન્સનું ૭૨.૦૨ ટકા રિઝલ્ટ : ૧૯૬ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ



ગાંધીનગર,તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સનું બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.આ વર્ષે ૭૨.૨ ટકા પરિણામ આવ્યું છે. સૌથી વધુ પરિણામ રાજકોટ જિલ્લાનું ૮૫.૭૮ ટકા જ્યારે સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાનું ૪૦.૧૯ ટકા પરિણામ આવ્યું છે. લાઠી કેન્દ્રનું સૌથી વધુ ૯૬.૧૨% અને સૌથી ઓછું લીમખેડા કેન્દ્રનું ૩૩.૩૩% પરિણામ આવ્યું છે.ધોરણ ૧૨ સાયન્સમાં એ૧ ગ્રેડમાં ૧૯૬ અને એ ૨ ગ્રેડમાં ૩૩૦૬ વિધાર્થીઓ પાસ થયાં છે. જયારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૪ ટકા આવ્યું છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૧ લાખ ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેનું પરિણામ આજે સવારે ૧૦ વાગે જાહેર થઈ ગયું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યભરમાંથી ૯૫,૯૮૨ રેગ્યુલર તેમજ ૧૧,૯૮૪ રિપીટર વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. રાજકોટ જિલ્લાનું સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ આવ્યું છે. ત્યારે સૌથી ઓછુ દાહોદ જિલ્લામાં ૪૦.૧૯ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ૧ ગ્રેડમાં ૧૯૬ વિદ્યાર્થીઓ પાસ થયાં છે. જ્યારે બી ૨ ગ્રેડમાં ૩૩૦૬ વિધાર્થીઓ પાસ થયાં છે.

ધોરણ ૧૨ સાયન્સ બાદ ડિગ્રી એન્જીનીયરીંગ તેમજ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ગુજકેટની પરીક્ષા આપવી ફરજિયાત છે. ગુજકેટ ૨૦૨૨ ની પરીક્ષા સાયન્સના એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓએ આપી હતી. ત્યારે ગુજકેટનું પણ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં એ ગ્રેડનું ૭૮.૪૦ અને બી ગ્રેડનું ૬૮.૫૮ ટકા અને એબી ગ્રેડનું ૭૮.૩૮ ટકા પરિણામ જાહેર થયું છે ગુજરાત બોર્ડ દ્વારા કોમર્સ, આર્ટસ અને વોકેશનલ સ્ટ્રીમનું પરિણામ પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. વર્ષ ૨૦૨૧માં ગુજરાત બોર્ડનું ૧૨મા વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૭મી જુલાઈએ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ ની જાહેરાત કરતા રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ તમામ વિધાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. અને નાપાસ વિધાર્થીઓને નાસીપાસ નહિ થતા વહુ મહેનત કરવા અપીલ કરી હતી. કુલ ૧૪૦ કેન્દ્રો પર ૧,૦૭,૬૬૩ પરિક્ષાર્થી ઓ નોંધાયા હતા. જેમાંથી ૧,૦૬,૩૪૭ પરિક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરિણામ અનુસાર ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૬૪ થ્છે. જયારે ૧૦ ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૬૧ છે.જયારે અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૭૨.૫૭ ટકા,ગુજરાતીી માઘમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૭૨.૦૪ ટકા છે.દિવ્યાંગ ઉમેદવારોનની સંખ્યા ૧૫૭ રહી છે ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડના લાભ સાથે પાસ થનાર દિવ્યાંગ ઉમેદવારોની સંખ્યા ૩૮ છે જયારે ગેરરીતિના કેસની સંખ્યા ૧૨૨ રહી હતીવિશાલ કુશવાહ નામના વિદ્યાર્થીનું પરિણામ ઓછું આવ્યું છે. જેથી વિદ્યાર્થીએ રડમસ અવાજે કહ્યું હતું કે મેં ૭૦-૭૫ ટકા જેટલી મહેનત કરી હતી.મારા ધોરણ ૧૦માં પણ ૮૦ ટકા આવ્યા હતા.મેં મહેનત કરી તે પ્રમાણે મારુ પરિણામ આવ્યું નથી.મારે ૫૩ ટકા જ આવ્યા છે પરંતુ હું હવે વધુ મહેનત કરીશ અને બીએસસીમાં એડમિશન લઈશ તથા ગમે તર સંજોગમાં જીપીએસસી ની પરીક્ષા ક્રેક કરીશ.મારા પિતા રીક્ષા ચલાવે છે.જયેશ હેડા નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે મારે ૮૭ ટકા આવ્યા છે અને ગુજકેટમાં ૯૨ માર્ક્સ આવ્યા છે.પરિણામથી હું ખુશ છું. મેં રોજ ૫થી ૬ કલાક વાંચીને મહેનત કરી હતી.હવે મ્ઈમાં એડમિશન લેવું છે.

૨૦૨૧માં ધોરણ ૧૨ સાયન્સમાં એક લાખ ૭ હજાર ૨૬૪ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું હતું, જેમાં ૩૨૪૫ વિદ્યાર્થીએ એ૧ ગ્રેડ મેળવ્યો છે, જ્યારે ૧૫ હજાર ૨૮૪ વિદ્યાર્થીએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. એ ગ્રુપમાં ૪૬૬ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે, જ્યારે બી ગ્રુપમાં ૬૫૭ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૦૯ વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૩ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ બીર ગ્રેડ મેળવ્યો છે.રાજકોટ જિલ્લાનું પરિણામ સૌથી વધુ આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ખુશ થઇ ગયા ગતાં અને એક બીજાને મોં મીઠુ કરાવતા નજરે પડી રહ્યાં હતાં પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓએ ગરબા ઝુમીને પરિણામ સારૂ આવ્યું હોવાની ખુશી વ્યક્ત કરી હતી.ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જૂનના પહેલા વિકમાં જાહેર થશે

## તાજમહેલમાં જગતગુરુ પરમહંસને રોકવા પર હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી

અલ્હાબાદ,તા.૧૨

અયોધ્યામાં તપસ્વી છાવણીના જગતગુરુ પરમહંસ આચાર્ય મહંત ધર્મેન્દ્ર ગિરી ગોસ્વામી વતી અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં જગતગુરુ પરમહંસ આચાર્યને ધર્મ શિક્ષા અને ભગવા વસ્ત્રો સાથે તાજમહેલની અંદર જવાનો આદેશ આપવાની માંગ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના રામનગરી અયોધ્યામાં તપસ્વી છાવણીના જગતગુરુ પરમહંસ આચાર્ય અને વૃંદાવનના મહેશ્વર ધામ મંદિરના મહંત ધર્મેન્દ્ર ગિરી ગોસ્વામી વતી અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં જગતગુરુએ તાજમહેલની અંદર ભગવા વસ્ત્રો અને ધાર્મિક સજા સાથે જવાનો આદેશ માંગ્યો છે. એટલું જ નહીં, આ અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ઈતિહાસકારો તાજમહેલના ૨૨ રૂમ અને તેની સાથે જોડાયેલા ઘણા રહસ્યો વિશે વાત કરી રહ્યા છે.

જગતગુરુ પરમહંસ ૨૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ તાજમહેલ ગયા હતા, પરંતુ તેમને ધર્માદા સાથે અંદર જવા દેવામાં આવ્યા ન હતા. પરંતુ પરમહંસ કહે છે કે તેમને ભગવા ઝભ્ભા અને સ્તોત્ર સાથે તાજમહેલમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. જ્યારે વિવાદ વધ્યો ત્યારે તેને એએસઆઈ આર.કે.પટેલ તરફથી તાજમહેલમાં પ્રવેશવાનું આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. એએસઆઈ દ્વારા મોકલવામાં આવેલા આમંત્રણ બાદ તેઓ ફરી ગયા પરંતુ ધર્મદંડને બહાર રાખવા કહ્યું. તેમને સજા સાથે પ્રવેશવા દેવામાં આવશે નહીં. વારંવાર વિનંતી કરવા છતાં તેને અંદર જવા દેવામાં આવ્યો ન હતો. પરમહંસ ગુરુ વધુમાં કહે છે કે તેમને નજરકેદ બાદ અયોધ્યા પરત મોકલવામાં આવ્યા હતા.

આ પછી, ૪ મે, ૨૦૨૨ ના રોજ, હિન્દુ યુવા વાહિનીના એક નેતાને ધર્મની સજા અને ભગવા વસ્ત્રો સાથે પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી, તેમ હોઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે. તેના સમાચાર અખબારમાં પ્રકાશિત થયા હતા. ત્યારબાદ જગતગુરુ પરમહંસએ સક્ષમ અધિકારીને ધર્મ શિક્ષા અને ભગવા વસ્ત્રો સાથે પ્રવેશવાની પરવાનગી માટે રજૂઆત કરી હતી, જેનો નિકાલ કરવામાં આવ્યો ન હતો. અરજીમાં ધર્મ શિક્ષા અને ભગવા વસ્ત્રો સાથે મંદિરમાં પ્રવેશ નકારવા અને રજૂઆતના નિકાલને પડકારવામાં આવ્યો છે.

## દેશમાં કોરોનોના નવા ૨,૮૨૭ કેસ,૨૪ દર્દીઓના મોત



નવીદિલ્હી,તા.૧૨

દેશમાં કોરોના સંક્રમણના કેસમાં સતત વધઘટ થઈ રહી છે. ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં ૨૪ કલાકમાં ૨૮૨૭ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે એક દિવસ અગાઉ ૨૮૯૭ કેસ નોંધાયા હતા. મંગળવારે ૨,૨૮૮ કેસ નોંધાયા હતા.સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૨૪ લોકોના મોત થયા છે. એક દિવસ પહેલા ૫૪ લોકોના મોત થયા હતા. આ પછી, દેશમાં કોરોનાના કારણે કુલ મૃત્યુઆંક ૫૨૪૧૮૧ પર પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના તાજેતરના આંકડા અનુસાર, દેશમાં ૨૪ કલાકમાં ૩૨૩૦ લોકો કોરોનાથી સ્વસ્થ પણ થયા છે. આ પછી, દેશમાં કોરોનાના કુલ સક્રિય કેસ ૧૯,૦૬૭ પર પહોંચી ગયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૪૨૫૭૦૧૬૫ લોકો કોરોનાથી સાજા થયા છે. તે જ સમયે, દેશમાં અત્યાર સુધીમાં ૧૯૦.૮૩ કરોડથી વધુ લોકોને રસી આપવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ લાખ ૮૫ હજાર ૨૯૨ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.

## અસાની વાવાઝોડું નબળું પડતાં ઓડિશા અને બંગાળમાં ભારે વરસાદ

ભુવનેશ્વર,તા.૧૨

અસાની વાવાઝોનું નબળું પડતું પશ્ચિમ બંગાળ અને ઓડિશાના કેટલાક હિસ્સા ભારે વરસાદનો સામનો કરી રહ્યાછે. વાવાઝોનું આંધ્રપ્રદેશના પૂર્વી કિનારે પ્રતિ કલાક ૮૫ કિ.મી.ની ઝડપે અથડાયુ હતુ, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું.આ વાવાઝોડુ વધારે નબળુ પડતા ગુરુવારે સુધીમાં તો ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે. આ બાજુએ વાવાઝોડુ છે તા રાજસ્થાન ૪૬થી ૪૭ ડિગ્રી તાપમાનમાં શેકાયું હતું. તેમા પણ જાલોરમાં ૪૭ ડિગ્રીનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું.

વાર્ષિક ભારતીય હવામાન વિભાગે તેના બુલિટેનમાં જણાવ્યું હતું કે આ વાવાઝોડું આગામી કેટલાક કલાકોમાં ઉત્તર તરફ આગળ વધે તેવી સંભાવના છે. તે ઉત્તર તરફ આગળ વધીને બપોરથી સાંજ સુધીમાં નરસાપુર, યનમ, કાકીનાડા, તુની અને વિશાખાપટ્ટનમના કાંઠે અથડાઈ શકે છે. તે રાત સુધીમાં ઉત્તર આંધ્રપ્રદેશ વટાવીને પશ્ચિમ બંગાળની ખાડીમાં પહોંચી શકે છે.

ઓડિશા સરકારનું કહેવું છે કે આ પ્રકારની પરિસ્થિતિમાં રાજયમાં કેટલાક દક્ષિણી જિલ્લાઓમાં ભારે વરસાદ પડી શકે છે, પરંતુ તેનાથી વિશેષ કોઈ અસર નહી થાય. ઓડિશા સરકારે પાંચ દક્ષિણી જિલ્લા મલ્કાન્ગીરી, કોરાપુટ, રાયગડા, ગંજમ અને ગજપતિનેહાઇ એલર્ટ પર મૂક્યા છે. આ પાંચેય જિલ્લામાં વાવાઝોડાની અસર પડી શકે છે. આ સિવાય ઓડિશામાં બીજી કોઈ ખાસ અસર થાય તેવી સંભાવના નથી. આડિશાના સ્પેશ્યલ રિલીફકમિશ્નર પી. કે. જેનાએ જણાવ્યું હતું કે ઓડિશામાં વાવાઝોડાની ખાસ અસર પડી શકે તેમ નથી. ભુવનેશ્વરના હવામાન વિભાગના ડીજી મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું હતું કે વાવાઝોડાના લીધે દક્ષિણ ઓડિશામાં પ્રતિ કલાક ૪૦થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન અનુભવાશે. માછીમારોને ૧૨ મે સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

પ્રાદેશિક હવામાન કેન્દ્રએ જણાવ્યું હતું કે મલ્કાનગ્રી,ી કોરાપુટ, રાયગડ,કાલાહાંડી, ગંજમ, ગજપતિ, કંધમાલ, નયાગઢ, ખુર્દા, પુરી, કટક અને ભુવનેશ્વરમાં હળવાથી ભારે વરસાદ અનુભવાયો હતો. જેનાએ જણાવ્યું હતું કે ૬૦ઓડીઆરએએફ (ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ) યુનિટ્સ અને અગ્નિશામક દળની ૧૩૨ ટીમને રાજયમાં ગોઠવી દેવાઈ છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)એ અસાની રાહત અને બચાવની કામગીરી માટે કુલ ૫૦ ટીમ તૈયાર રાખી છે. ૫૦માંથી ૨૨ને પશ્ચિમ, બંગાળ, ઓડિશા અને આંધ્રમાં ગોઠવવામાં આવશે. જયારે બાકીની ૨૮ને આ રાજ્યોની અંદર એલર્ટ રહેવા કહેવાયું છે.

## દેશના નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે રાજીવ કુમાર પગ સાંભળશે

નવીદિલ્હી,તા.૧૨

દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર હશે. તેઓ ૧૫ મેના રોજ ચાર્જ સંભાળશે. આ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર ૧૪ મેના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. મહત્વનું છે કે રાજીવ કુમારની નિમણૂકને લઈને કાયદા મંત્રાલય દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાજીવ કુમારની નિમણૂક કરી છે. કાયદા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ એક સૂચનામાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા ૧૪ મેના રોજ તેમના પદ પરથી નિવૃત્ત થઈ રહ્યા છે. રાજીવ કુમાર તેમના પછી ૧૫ મેના રોજ કાર્યભાર સંભાળશે.

રાજીવ કુમાર ૧૯૮૪ બેચના આઈએએસ છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ ચૂંટણી કમિશનર તરીકેનો ચાર્જ સંભાળનાર કુમાર ૧૫ મે ૨૦૨૨ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી આ પદ સંભાળશે. ૧૯ ફેબ્રુઆરીના રોજ તેમના ૬૫મો જન્મ દિવસ છે. બંધારણ મુજબ ચૂંટણી કમિશનરોનો કાર્યકાળ છ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધીનો હોય છે.ભારત સરકારમાં ૩૬ વર્ષથી વધુની સેવા દરમિયાન રાજીવ કુમારે કેન્દ્રના વિવિધ મંત્રાલયોમાં અને બિહાર, ઝારખંડના રાજ્યની કેડરમાં કામ કર્યુ છે. તેઓ એલએલબી પીજીડીએમ અને એમએ પબ્લિક પોલિસીની શૈક્ષણિક ડિગ્રી ધરાવે છે. રાજીવ કુમારને સામાજિક ક્ષેત્ર, પર્યાવરણ અને જંગલો, માનવ સંસાધન, નાણાં અને બેંકિંગ ક્ષેત્રોમાં બહોળો કાર્ય અનુભવ છે.

## બ્રિટનમાં મંદીની દહેશતઃ ૧૫ લાખ પરિવારો ભૂખમરામાં સપડાઇ જવાનો ખતરો

બ્રિટન,તા.૧૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ કિંમત ટોચ પર પહોંચી ગઈ છે. આનાથી ઘણા દેશોમાં ફુગાવાના દાયકાઓનો રેકોર્ડ તૂટી ગયો છે. યૂકેમાં મોંઘવારી દર ૩૦ વર્ષની ટોચ પર પહોંચી ગયો છે. તેના કારણે લોકોને બે ટંકની જમવાનું મળવું પણ મુશ્કેલ બની ગયું છે. યુદ્ધના કારણે હવે બ્રિટનમાં મંદીની દહેશત જોવા મળી રહી છે. એક નવા સંશોધન અનુસાર, આગામી એક વર્ષમાં લગભગ ૧૫ લાખ પરિવારો ફૂડ અને એનર્જી બિલ ચૂકવવાની સ્થિતિમાં નહીં હોય. ફુગાવો અને ઊંચા ટેક્સના કારણે તેમનું બજેટ બગડી ગયું છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ મુજબ આ વર્ષે યુકેમાં મંદી રહેશે. આ સ્થિતિથી લોકોને બચાવવા માટે તેણે નાણામંત્રી ઋષિ સુનકને વધુ પગલાં લેવા અપીલ કરી છે. નાણા મંત્રાલયનું કહેવું છે કે, સરકાર લોકોને દરેક સંભવ મદદ કરી રહી છે.એનઆઈઈએસઆરએ બ્રિટનની અર્થવ્યવસ્થા બાબતે પોતાના તાજા ત્રિમાસિક અંદાજમાં કહ્યુ કે મોંઘવારીની સૌથી વધુ અસર ગરીબ પરિવારો પર પડી છે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડનું કહેવું છે કે, થોડા જ મહિનામાં મોંઘવારી ૧૦ ટકા સુધી પહોંચી શકે છે.

અહેવાલ અનુસાર, એનઆઈઈએસઆરએ કહ્યું કે, સરકારે મેથી ઓક્ટોબરની વચ્ચે દર અઠવાડિયે યુનિવર્સલ ક્રેડિટમાં ૨૫ પાઉન્ડનો વધારો કરવો જોઈએ. આનાથી સરકાર પર ૧.૩ અબજ પાઉન્ડનો બોજ પડશે. જો તેમને આ ટેકો આપવામાં નહીં આવે તો તેનાથી દેશમાં ગરીબી વધશે. જેના કારણે લાખો પરિવારોના જીવ જવાની શક્યતા ઉભી થશે. એનઆઈઈએસઆર અનુસાર, ૨૦૨૨માં ફુગાવો ૭.૮ ટકા રહેશે અને તે ૨૦૨૪ સુધીમાં ત્રણ ટકાથી ઉપર રહેશે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડે બે ટકા ફુગાવાનો ટાર્ગેટ રાખ્યો છે.

એનઆઈઈએસઆર દ્વારા ૨૦૨૨માં આર્થિક વૃદ્ધિ દર ૩.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત થયો છે, પરંતુ વર્ષના છેલ્લા બે ત્રિમાસિક ગાળામાં તેમાં ઘટાડો થઈ શકે છે. આનાથી યુકેની અર્થવ્યવસ્થા મંદીમાં જશે. સતત બે ત્રિમાસિક ગાળામાં અર્થતંત્રમાં થયેલા ઘટાડાને મંદી કહે છે.તે વધુમાં કહે છે કે, સરકારી નીતિઓથી દેશમાં લોકોની વાસ્તવિક આવકમાં ઘટાડો થશે. તે મુજબ ૨૦૨૨માં પરિવારોની વાસ્તવિક આવકમાં ૨.૪ ટકાનો ઘટાડો થશે અને આ સાથે જ આવતા વર્ષે બેરોજગારીમાં પણ વધારો થશે

## તંત્રી સ્થાનેથી...

# પંજાબમાં ખતરો



***મોહાલીમાં પંજાબ પોલીસના ગુપ્તચર વિભાગના મુખ્યાલયમાં થયેલ વિસ્ફોટ એક ભારે ષડયંત્ર લાગી રહ્યું છે, કારણ કે એક તો આ વિસ્ફોટ રોકેટ લોન્ચરથી કરવામાં આવ્યો છે અને બીજું, તેની પાછળ એ રાષ્ટ્રવિરોધી તાકાતોનો હાથ હોઈ શકે છે, જેના સંબંધો વિદેશી શક્તિઓ સાથે હોઇ શકે છે. એ ઠીક છે કે આ વિસ્ફોટમાં જાનમાલની કોઈ ક્ષતિ નથી થઈ, પરંતુ ગુપ્તચર વિભાગના મુખ્યાલયને નિશાનો બનાવવો રાષ્ટ્રવિરોધી તત્ત્વોનું દુઃસાહસ જ દર્શાવે છે. આ દુઃસાહસનું દમન નિર્મમતાથી કરવું જોઇએ અને આ ક્રમમાં તેના મૂળ સુધી જવું જોઇએ કે હુમલાખોરોને રોકેટ જેવાં હથિયાર ક્યાંથી મળી ગયાં? પંજાબ સરકાર અને સાથે જ તેની પોલીસ તેની અવગણના ન કરી શકે કે રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ખાલિસ્તાન સમર્થકોની સક્રિયતા વધતી દેખાઈ છે. હજુ હાલમાં પટિયાલામાં થયલે હિંસા દરમ્યાન ખાલિસ્તાન સમર્થકોએ જે રીતે માથું ઊંચક્યું તે કોઈ શુભ સંકેત નથી. આ તત્ત્વોની ગતિવિધિઓ પંજાબના પડોશી રાજ્યોમાં પણ જોવા મળી છે. ગત દિવસોમાં જ્યાં કરનાલમાં ખાલિસ્તાની આતંકીઓ પકડાયા હતા, ત્યાં જ હિમાચલ પ્રદેશમાં પણ તેઓ ભાંગફોડ કરતા દેખાયા.***

***એક તથ્ય એ પણ છે કે પાકિસ્તાન કાશ્મીર સાથે પંજાબમાં પણ આતંક ફેલાવવાની સતત કોશિશ કરી રહ્યું છે. તે હાલના દિવસોમાં સીમાંત વિસ્તારોમાં ડ્રોન દ્વારા હથિયાર અને માદક પદાર્થ મોકલવાની કોશિશ કરી રહ્યું છે. હવે જ્યારે પંજાબ પોલીસ મોહાલીની ઘટના પાછળ કોઈ આતંકી જૂથનો હાથ હોવાની આશંકાનો ઇનકાર નથી કરી રહી, ત્યારે એ જરૂરી થઈ જાય છે કે આ ઘટનાની તપાસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઇએ પણ સામેલ થાય. આ ઘટનાની ત્વરિત તપાસ જેટલી જરૂરી છે એટલી જ એ પણ કે પંજાબની આંતરિક સુરક્ષા પર વધુ ધ્યાન આપવું જોઇએ. રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ એ અનિવાર્ય છે કે પંજાબમાં એ તત્ત્વોનું દુઃસાહસ કોઈપણ સ્તરે વધવા ન પામે, જે કોઈને કોઈ પ્રકારે દેશમાં માહોલ ખરાબ કરવા માંગે છે. તેના માટે ન માત્ર કેન્દ્રીય એજન્સીઓએ પૂરતી સજાગતા અને સતર્કતા રાખવી પડશે, બલ્કે પંજાબ સરકાર અને તેની પોલીસે પણ પોતાના સ્તર પર દરેક સમયે સચેત રહેવું પડશે. એ જરૂરી છે કે મોહાલીમાં થયેલ દુર્ઘટનાની તપાસ ઝડપથી થાય અને તે અંજામ સુધી પણ પહોંચે. તેની પાછળ જે તત્ત્વોનો હાથ છે, તેમને વહેલી તકે કાયદાના કઠેરામાં લાવવા પડશે. કાયદો અને વ્યવસ્થાને પડકાર આપનારા તત્ત્વો પર કારગત રીતે લગામ લગાવવા માટે એ જરૂરી છે કે કેન્દ્ર અને રાજ્યની તમામ એજન્સીઓ પરસ્પર સહયોગ અને સમન્વય સાથે કામ કરે.***

# રેલવેએ પહેલીવાર એક સાથે ૧૯ અધિકારીઓને બહારનો રસ્તો દેખાડ્યો

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય રેલવેના ઈતિહાસમાં પહેલીવાર એવી કાર્યવાહી જોવા મળી છે કે જાણીને તમને પણ નવાઈ લાગશે. પોતાના અધિકારીઓ વિરુદ્ધ આ કાર્યવાહી કરતા રેલવેએ ૧૯ અધિકારીઓને નોકરીમાંથી જબરદસ્તીથી વીઆરએસ લેવડાવી દીધુ છે. મળતી માહિતી મુજબ મોદી સરકારે ખરાબ પ્રદર્શન કરનારા અને પોતાના કામમાં અક્ષમ અધિકારીઓ પર અત્યાર સુધીની મોટી કાર્યવાહી કરતા સરકારી સેવકોની સમય સમીક્ષા હેઠળ સીસીએસ પેન્શન નિયમ ૧૯૭૨ ની કલમ ૫૬ના નિયમ ૪૮ હેઠળ આ ૧૯ અધિકારીઓને જબરદસ્તીથી સેવાનિવૃત્ત કરી દીધા. જે ૧૯ અધિકારીઓને જબરદસ્તીથી સેવાનિવૃત્ત કર્યા તેમાંથી ૧૦ જોઈન્ટ સેક્રેટરી સ્તરના અધિકારીઓ હોવાનું કહેવાય છે. આ તમામ અધિકારીઓ પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે, એમસીએફ, સીએલડબલ્યુ, પૂર્વ રેલવે, નોર્થ ફ્રન્ટ રેલવે, દક્ષિણ પશ્ચિમ રેલવે, ડીએલડબલ્યુ, આરડીએસઓ, ઉત્તર મધ્ય રેલવે વગેરેમાં વિવિધ પદો પર કાર્યરત હતા.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પોતાની કાર્યશાલી માટે પ્રખ્યાત છે. તેમણે જ્યારથી રેલવે મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે ત્યારબાદ અત્યાર સુધીમાં લગભગ ૭૭ જેટલા અધિકારીઓએ વીઆરએસ લઈ લીધુ છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ છેલ્લા ૧૧ મહિનામાં ૯૬ અધિકારીઓને વીઆરએસ આપી દેવાયું છે. અત્રે જણાવવાનું કે આ પ્રકારે આકરી કાર્યવાહી કરીને કેન્દ્ર સરકાર અને મંત્રાલય તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે કામ સમયે બેદરકારી જરાય સહન નહીં કરાય અને આ નિયમ હેઠળ સરકાર કામની સમીક્ષા કરીને જબરદસ્તીથી વીઆરએસ પણ પકડાવી શકે છે.

# અમિતશાહ પાણી પીવે છે એ એક બોટલની કિંમત ૮૫૦ રૂપિયા છે : ગોવાના મંત્રીનો ખુલાસો

પટજી,તા.૧૨

ગોવાના નાગરિક પુરવઠા મંત્રી રવિ નાઈકે કરેલા દાવા પ્રમાણે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ખૂબ જ મોંઘુ પાણી પીવે છે. આ સાથે જ તેમણે ભવિષ્યમાં પાણી સોના અને હીરા જેટલું મોંઘુ થઈ જશે તે પ્રકારની ચિંતા વ્યક્ત કરી હતી. ગોવાના મંત્રીએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના વર્તમાન પ્રવાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, તેમણે કથિત રીતે હિમાલય મિનરલ વોટરની માગણી કરી હતી જેની એક બોટલની કિંમત ૮૫૦ રૂપિયા છે. નાઈક કૃષિ વિભાગ પણ સંભાળે છે અને દક્ષિણ ગોવાના પોંડા ખાતે કૃષિ માટેના વહીવટી ભવનના ઉદ્‌ઘાટન દરમિયાન તેમણે આ અંગે વાત કરી હતી.

એક અમેરિકી સમાચાર પત્રમાં પ્રકાશિત લેખનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે, ભવિષ્યમાં પાણીની કિંમત સોના અને હીરાની સમાન સ્તરે આવી જશે. આ કારણે આપણે પાણીને સંરક્ષિત કરવાની જરૂર છે. રાજ્યમાં દરેક સીઝન વખતે આશરે ૧૨૦ ઈંચ વરસાદ થાય છે માટે પાણીને સંરક્ષિત કરવું મુશ્કેલ નહીં બને. સરકાર સમગ્ર રાજ્યમાં જ્યાં પણ પહાડ છે ત્યાં બાંધ બનાવી શકે છે અને પાણી એકઠું કરી શકે છે.

રવિ નાઈકે અગાઉ કહ્યું હતું કે, દેશના બાકીના ક્ષેત્રોમાં પાણીનો પુરવઠો પહોંચાડી શકાય તેમ છે અને એટલે સુધી કે, અન્ય દેશોને પણ તેની નિકાસ કરી શકાય તેમ છે. નાઈકે સ્ટેજ પરથી પોતાના અધિકારીઓ સાથે કિંમતની પૃષ્ટિ કરતા કહ્યું કે, અમિત શાહ જ્યારે ગોવામાં હતા ત્યારે તેમણે હિમાલયની પાણીની બોટલ માગી હતી. તેને માપુસા (પણજીથી આશરે ૧૫ કિમી દૂર)થી લાવવામાં આવી હતી. તેની કિંમત ૮૫૦ રૂપિયા પ્રતિ બોટલ હતી.

# પપ્પાનું ખિસ્સું

સાંજે ઘરમાં પગ મુકતાં જ નયનની નજર રૂમની સામેની દિવાલે ટીંગાયેલા ઝભ્ભા પર પડી. પોતે છેલ્લા કેટલાક દિવસથી ટેન્શનમાં હતો... છેવટે પત્નીના કહેવાથી બાપુજીના કાને વાત નાખી જ દીધી હતી.

બાપુજીએ તો જવાબમાં માત્ર એટલું જ કહેલું 'તું કાલે સાંજે ઝભ્ભાના ખિસ્સામાં જોઇ લેજે...!!'

નયન તેના પપ્પાને બાપુજી કહેતો. વર્ષો સુધી ગામડે રહેલા એટલે ત્યાં પપ્પા શબ્દની ફેશન આવી નહોતી. તે સમયથી જ બાપુજી શબ્દ નયનની જીભમાં અને મનમાં ગોઠવાઇ ગયો હતો.

ઘણાં વર્ષો પછી બાપુજીના ઝભ્ભાનું એ લદાયેલું ખિસ્સું જોઇ ખુશી થઇ....! તેમાં દેખાતી નોટોની ગડીઓના ઉભારથી મનનો ભાર હળવો થયો.

જો કે નયને આજે તે આખા ઝભ્ભાને ઝીણવટથી જોયો. કેટલી જુની પુરાણી સ્ટાઇલ...!! ગામડે રહેતા ત્યારે તો તે ઠેકઠેકાણેથી ફાટેલો રહેતો... ઘસાઇને સાવ તરડાઇ ગયેલા કોલર રહેતા...! કેટકેટલીયે જગ્યાએ ચા કે માટીના ક્યારેય ન નીકળી શકે તેવા ડાઘા...! બાંય તો એવી કે જાણે એક દોરો તોડો તો બીજા કેટલાય દોરા ડોકાચીયાં મારી બહાર આવતા... અને મારી બા આ ડોકાચીયાં કાઢતા દોરાને ગળેથી બાંધી બેસાડી દેવામાં પાવરધા હતા...

નાનપણથી જ મને આ ઝભ્ભાનું ખિસ્સું વ્હાલું હતુ... તેઓ ખેતરેથી આવતાં તો તે ખિસ્સામાં કંઇકને કંઇક ભરીને લાવતા.

બાપુજીના ખિસ્સામાં વીણેલા બોર કે પેલા ખાટાં ખાટાં કાતરા, ખેતરનો પોંખ, ઝીતેલા કે ગુંદા જેવી કેટકેટલીયે વસ્તુઓ આવતી અને ઘરમાં ઢગલો કરી કહેતા, 'નયન ખઇ લે....!' ને હું ઝાપટી જતો.... હું નહોતો પુછતો કે બાપુજી તમારે ખાવું છે...? મને એમ જ હતું કે તેમને તો ખેતરમાં જ ખાઇ લીધું હશેને...પછી જ મારા માટે લાવ્યા હશે...!

નયનની નજર ઝભ્ભાના વજનથી લબડી રહેલા ખિસ્સા તરફ સ્થિર થઇ.. નાનો હતો ત્યારે આ રીતે વસ્તુથી લદાયેલું ખિસ્સું જોતો તો તેમની પાછળ પાછળ દોડતો... તે ખિસ્સા સુધી પહોંચવાનું મન થઇ જતું.. બાપુજી તેમાંથી ક્યારેક ચોકલેટ કે બિસ્કિટ કાઢતા તો લાગતું કે આ ખિસ્સું અલ્લાઉદ્દીન કા ચિરાગ જેવું જ છે... કેમ કે તેમાંથી મારી મનપસંદ વસ્તુઓ જ નીકળતી... મારે જે ખાવું હોય તેની જીદ કરું કે ક્યારેક ખૂણામાં બેસીને ખોટું ખોટું રડી લઉં તો સાંજે તે જાદુઇ ચિરાગમાંથી મારી મનગમતી વસ્તુ મળી જ જતી અને હું એકલો બેસીને ખાઇ જતો... ક્યારેય બા-બાપુજી તમને આ વસ્તુ ભાવે છે તે પુછવાની આદત જ નહોતી..

નાનો અને અણસમજું હતો ત્યારે તે ઝભ્ભાના ખિસ્સા સુધી કુદકો મારીને મને પહોંચવાનું મન થતું.. ઘણીવાર રાતે સપનું પણ આવતું કે હું તે ઝભ્ભાના ખિસ્સામાં પહોંચી ગયો અને મને મનભાવતી જલેબી.. પેલા બુધ્ધીના બાલ બધુ અંદર જ દેખાતું...!

મારી નાની નાની આંગળીઓ ત્યાં સુધી પહોંચાતી થયેલી ત્યારે કેટલીયે વાર લટકી પડતો.... અરે એકવાર તો તે ખિસ્સુ ફાડી પણ નાખેલું....!! ત્યારે મારી સમજણ પણ કેટલી..? મને તો એમ જ કે એ ખિસ્સુ એટલે હું માંગુ તે લાવી આપે તેવી જગ્યા...

સહેજ મોટો થયો એટલે મારા બાપુજીના ખિસ્સાનું માપ તો એ જ હતું પણ મારી માંગ વધવા લાગેલી.. હવે તેમના હાથે વીણેલા બોર કે કાતરા મને લલચાવતા નહોતા... મને તેમાંથી ખનખનતા પૈસાનો અવાજ ગમતો... એ પાવલી,આઠ આના કે રુપિયો સેરવીને વાપરી નાખતો. એકવાર તો મેં તેમના ખિસ્સામાંથી દસ રુપિયાની નોટ કાઢી લીધેલી અને મેળામાં ફરી આવ્યો હતો.

બાપુજીના ખિસ્સાની અને મારી સફર એકધારી ચાલતી જ રહી... હું દુઃખી થવું તો તેમાંથી ખુશીઓ મળતી અને હું જીદ કરું તો પણ તેમાંથી મનગમતી વસ્તુ મળતી...!

મારા દિકરા કાર્તિકને આવી ખીસ્સાની મજા માણવા જ ક્યાં મળી હતી ? સ્કિન ટાઇટ પેન્ટ અને વોલેટ આવવાથી તેની જરુરિયાત સામે તે મારી મરજીને તાકી રહેતો.. મારી મરજી મુજબ હું આપુ તેમાં તેની ખુશીઓ ન પણ સચવાય...! પણ બાપુજીના આ ઝભ્ભાના ખિસ્સાએ મને ક્યારેય નિરાશ નહોતો કર્યો.

કાર્તિક કોલેજમાં આવ્યો ત્યારે મારુ પાકીટ બહાર મુકુ તો તે ઘણીવાર કહ્યા વગર નોટો સરકાવી લેતો તે પણ હકીકત હતી. હું કારણ પુછું તો પાછળથી કહેતો કે આજે ફ્રેન્ડ સાથે પાર્ટી હતી... પેલું પિક્ચર જોવા ગયો હતો કે કોઇ સ્ટાઇલીસ્ટ કપડાં લેવા હતા વગેરે વગેરે...

'પણ મારે તે પૈસાની જરુર હતી...!' હું ક્યારેક તેને લડતો તો તે સૂનમૂન બનીને ચાલ્યો જતો. કોઇવાર ગુસ્સે થઇને લડું તો બાપુજી તેનો પક્ષ લઇને કહેતા કે તું નાનો હતો ત્યારે મારી પાસેથી પૈસા લઇ લેતો ત્યારે તું ક્યાં પુછતો હતો કે તમારે પૈસાની જરુર છે?

નયનને સમજાઇ ગયુ હતુ કે તે જમાનામાં ભલે રુપિયો નાનો હતો પણ જરુરિયાત તો સરખી જ હતી અને પિતાજી તરીકે પોતાનું ખિસ્સું ભરેલું રાખવું ખૂબ જરુરી છે.

અને આખરે નયને બાપુજીના એ ઝભ્ભાના ખિસ્સામાં હાથ નાખી અંદર રહેલી પાંચસો પાંચસોની નોટોના બંડલ બહાર કાઢ્યાં.

અને ત્યાં જ તેની પત્ની આવી અને નયનના હાથમાં રુપિયાના બંડલ જોઇને બોલી, 'હું નહોતી કહેતી કે એકવાર બાપુજીને કહો તો ખરા કે આપણે પોતાનું ઘર લેવું છે થોડો ટેકો કરો... અને મારુ સાચું પડ્યુંને બાપુજી પાસે પૈસા છે જ..!'

નયનને ફરી બાપુજીના ઝભ્ભાના ખિસ્સામાંથી ખુશીઓ મળી હતી. બંડલો જોઇ લીધા તો તે પૂરા દોઢ લાખ હતા.. બન્નેના ચહેરા પર ખુશીની લહેર હતી. નયનને આજે ફરી તે ખિસ્સુ પોતાના સપનાને સાકાર કરતું જાદુઇ ચિરાગ જેવું જ લાગ્યું.

'મારી પાસે પડેલા રોકડા દસ હજાર... બેંકના પડેલા વીસ હજાર અને આ દોઢ લાખ એટલે ઘરનું બુકિંગ પાકુ... અને પછી બીજી લોન લઇશું...' નયન અને તેની પત્ની ખુશ હતા.

અને ત્યાંજ નયનના મોબાઇલમાં મેસેજ ટોન આવ્યો એટલે તેને મેસેજ ચેક કર્યો. તેના ચહેરાની રેખાઓ બદલાવા લાગી અને ફાટી આંખે જોઇ રહ્યો. નયને ઝડપથી પોતાનું પાકીટ ચેક કર્યુ અને જોયું તો તેનું એટીએમ કાર્ડ ગાયબ હતું એટલે તે ચિલ્લાયો, 'મારા ખાતામાંથી કોઇકે વીસ હજાર ઉપાડી લીધા છે...!!'

અને ત્યાં જ તેની પત્ની ગભરાઇને બોલી, ' સવારે કાર્તિક તમારું પર્સ ફેંદતો હતો... તે કાલે રાતે મને કહેતો હતો કે વીસ હજાર આપો મારે ફ્રેન્ડ સાથે ગોવાની ટુર બુક કરવી છે.....!! મેં તો ના પાડી હતી....! તેને પહેલા ફોન કરો... તેને તમારા એટીએમના પાસવર્ડ પણ ખબર છે..!'

નયને ફોન કર્યો તો કાર્તિકે બેધડક કહ્યું, 'હા, મારે જવુ હતુ એટલે મેં જ તમારા એટીએમથી પૈસા વિડ્રો કર્યા છે..'

નયન અને તેની પત્ની સાવ સૂનમૂન બનીને બેસી ગયા.અને ત્યાં જ બાપુજી રૂમમાં આવ્યા.

તેમના હાથમાં પૈસા હોવા છતાં સાવ નિરાશ ચહેરા જોઇને બોલ્યા, ' કેમ ઓછા પડ્યાં ?'

નયન થોડીવાર ચૂપ થઇને બેસી ગયો તે સમજી ગયો હતો કે પોતાના ખિસ્સામાંથી આમ અચાનક પૈસા ઓછા થાય તો કેટલા સપના ચકનાચૂર થાય છે. કાર્તિકે પોતાની ખુશી માટે આજે પપ્પાની બેંકનું ખિસ્સું ખાલી જ કર્યુ હતુ ને...!

નયને થોડીવાર વિચાર કર્યો અને બાપુજીને સામે બેસાડી કહ્યું, 'બાપુજી મારે તમને કંઇક પુછવું છે....!'

'હા... બોલને..!' બાપુજીએ સહજતાથી કહ્યું.

'બાપુજી જ્યારે હું નાનો હતો ત્યારે તમે જે ખિસ્સામાં ભરીને લાવતા તે તમે પહેલા ખાઇને લાવતાં ?' નયને બહુ જુની વાત યાદ કરીને કહ્યું.

'એવું ક્યારેય હોતું હશે..? અમને તો એમ થતું કે તું તારી નાની નાની આંગળીઓથી અમને ખવડાવીશ... પણ તું એકલો ખાઇ જતો...!' બાપુજીએ આજે વર્ષો પછી સ્પષ્ટતા કરી.

'બાપુજી.. હું ક્યારેક તમારા ઝભ્ભાના ખિસ્સામાંથી તમને પુછ્યા વિના પૈસા લઇ લેતો તેનું તમને દુઃખ થતું...?' નયને ફરી બીજો પ્રશ્ન કર્યો.

બાપુજીએ તેની આંખોમાં જોયું અને કહ્યું. 'હા.. થતું... પણ બાપ બનવું એટલે ખિસ્સું ભારે અને મન હળવું રાખવું તે અમે જાણતા હતા. ક્યારેક અમારી જરુરિયાતની જમાપૂંજીને પણ તારા આનંદ માટે તને આપી દેતા... તને યાદ છે તેં એક્વાર દસ રુપિયા લઇ લીધેલા અને મેળામાં ખર્ચી નાખેલા... તે પૈસા તારી બાની દવા માટે ભેગા કરેલા હતા.. પણ તારી બાએ તારી ખુશીઓ માટે તે દવા વગર કેટલાય દિવસ દર્દ વેઢ્યું હતું.'

આ સાંભળી નયનની બન્ને આંખ વહેવા લાગી.. ડૂમો ભરાઇ ગયો હતો છતાં તે બોલ્યો, ' બાપુજી આ પૈસા તમે ક્યાંથી લાવ્યા..?'

જો કે બાપુજીએ હળવાશથી કહ્યું, 'એ તો ગામનું આપણું ખેતર હવે ક્યાં કામનું છે. તેનો સોદો પાક્કો કરી દીધો છે..'

નયન સજળ નયને ઉભો થયો અને તે બંડલો ફરી બાપુજીના ઝભ્ભાના ખિસ્સામાં મુક્યા અને બોલ્યો, 'બાપુજી, હવે સમજાયું કે પપ્પા બની ઝભ્ભાનું ખિસ્સું હર્યુભર્યુ રાખવા કેટકેટલી મહેનત અને પોતાની જરુરિયાતો સામે સમાધાન કરવું પડતું હોય છે. નાનો હતો ત્યારે એમ જ સમજતો કે આ જ અલાઉદ્દીનનો ચિરાગ છે તેમાં જે માંગુ તે મળે. પણ કાર્તિકે મને પૂછ્યા વગર પૈસા ઉપાડ્યા તો ખ્યાલ આવ્યો કે બાળકોની ખુશીઓ માટે પપ્પા તરીકે કેટલું બલિદાન આપવું પડે છે. બાળકો તો એટીએમને પોતાની મરજીનું કાર્ડ સમજી ભલે ઘસતાં રહે પણ તેની સામે પપ્પાની જિંદગી ઘસાઇ જતી હોય છે. જુનુ પુરાણું ઝભ્ભાનું ખિસ્સું હોય કે હાલનું એટીએમ કાર્ડ.... દિકરાની ખુશીઓ માટે તેને ભરેલું જ રાખવું પડે છે. પહેલા તો ઝભ્ભાના ખિસ્સાને કોઇ પાસવર્ડ પણ નહોતો એટલે હું માનતો કે આ તો મારી મરજી મુજબ ખુલી જાય... પણ હવે પાસવર્ડ રાખીએ તોયે તેને ખુલ્લું જ રાખવું પડે છે... બાપુજી મેં તમારા ખિસ્સાને બહુ ભાર આપ્યો છે... તમારી જમીનનો સોદો કેન્સલ કરાવી દેજો અને મારે હવે તમારા ખિસ્સાને વધુ ભાર નથી આપવો.'

નયનની વાત ચાલુ હતી ત્યારે કાર્તિક ઘરમાં પ્રવેશી ચૂક્યો હતો. તેને પપ્પાની વાત સાંભળી અને તેને પોતે ઉપાડેલા રુપિયા પપ્પાના હાથમાં મુકતા કહ્યું, ' પપ્પા તમે જ્યારે દાદાને પૈસાની જરુર છે તે વાત કરી ત્યારથી તેઓ ખૂબ ટેન્શનમાં હતા. તેઓને હું જ ગામડે લઇને ગયો હતો. તેઓ તેમની જમીન વેચતા રડી પડ્યાં હતા. મારે તમને કહેવું હતું કે તમે દાદાજીના ખિસ્સાને બહુ ભાર ન આપો... એટલે જ મેં તમારા પૈસા તમારી મરજી વિરુધ્ધ ઉપાડ્યાં... અને સાચું કહું તો તે દિવસે મને પણ સમજાઇ ગયું હતું કે પપ્પાના ખિસ્સામાં માત્ર દિકરાઓની જરુરિયાતો જ નહી, તેમના ખુદના સપનાઓ પણ હોય છે.'

કાર્તિકની આવી ડાહી ડાહી વાત સાંભળી દાદાએ તેને ચૂમી લીધો.

પપ્પાના ખિસ્સાની આત્મકથા એટલી જ હોય...!

બધુ જ જતુ કરીને એ તો છેલ્લે ખાલી જ હોય...!

# બાબા હરદેવસિંહજીને સમર્પિત-સમર્પણ દિવસ



યુગદ્રષ્ટા સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના દિવ્ય,સર્વપ્રિય સ્વભાવ તથા તેમના વિશાળ અલૌકિક વિચાર માનવકલ્યાણના માટે સમર્પિત હતા,તેમને પૂર્ણ સમર્પણ,સહનશિલતા તથા વિશાળતા વાળા ભાવોથી યુક્ત બ્રહ્મજ્ઞાનરૂપી સત્યનો સંદેશ માનવમાત્ર સુધી પહોચાડ્યો અને વિશ્વબંધુત્વની પરિકલ્પનાને વાસ્તવિકરૂપ પ્રદાન કર્યું હતું.

સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજે ૩૬ વર્ષ સુધી સદગુરૂના રૂપમાં સંત નિરંકારી મિશનની લગામ સંભાળી હતી.તેમને આધ્યાત્મિક જાગૃતિની સાથે સાથે સમાજ કલ્યાણના માટે અનેક કાર્યોની રૂપરેખા પ્રદાન કરી,જેમાં મુખ્યતઃ રક્તદાન,બ્લડબેંકની સ્થાપના,નેત્ર ચિકિત્સા શિબીર,વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન..વગેરેના આયોજનમાં બહુમૂલ્ય યોગદાન રહ્યું છે.એક આદર્શ સમાજની સ્થાપના માટે મહિલા સશક્તિકરણ તથા યુવાનોની ઉર્જાને નવો આયામ આપવા માટે ઘણી પરિયોજનાઓ માટે કાર્યો કર્યા હતા, આ સિવાય પ્રાકૃતિક આપત્તિના સમયે પણ તેમના માર્ગદર્શનમાં સંત નિરંકારી મિશન દ્વારા નિરંતર સેવાઓ આપવામાં આવે છે.

સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજે માનવતાનું દિવ્ય સ્વરૂપ બનાવવા નિરંકારી સંત સમાગમોની અવિરત શૃંખલા આગળ વધારી જેમાં તેમને માનવમાત્રને બ્રહ્મજ્ઞાનરૂપી દોરામાં પરોવીને પ્રેમ અને નમ્રતા જેવા દિવ્યગુણોથી પરીપૂર્ણ કર્યા. "માનવતા એ જ મારો ધર્મ છે"- આ વાક્યને ચરિતાર્થ કરીને સંત નિરંકારી મિશનની શિક્ષાઓને નાના કસ્બાઓથી લઇને દૂર દેશો સુધી વિસ્તૃત કરી,તેમને હંમેશાં એ જ સમજાવ્યું કે ભક્તિની ધારા જીવનમાં નિરંતર વહેતી રહેવી જોઇએ.

બાબા હરદેવસિંહજીને માનવમાત્રની સેવાઓમાં પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપવા બદલ દેશ વિદેશમાં સન્માનિત કરવામાં આવ્યા,તેમને ૨૭ યુરોપીય દેશોની પાર્લામેન્ટે વિશેષરૂપે સન્માનિત કર્યા અને મિશનને સંયુક્ત રાષ્ટના મુખ્ય સલાહકાર પણ બનાવવામાં આવ્યા સાથે સાથે વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવાના હેતુ માટે અંર્તરાષ્ટિય સ્તરે સન્માનિત કરવામાં આવ્યા.

સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ,બાબા હરદેવસિંહ મહારાજની શિક્ષાઓનું વર્ણન કરતાં કહે છે કે બાબાજીએ પોતાનું સમગ્ર જીવન માનવમાત્રની સેવામાં અર્પણ કરી દીધું.સંત નિરંકારી મિશનનું ૩૬ વર્ષો સુધી નેતૃત્વ કરીને તેમને પ્રત્યેક ભક્તોને માનવતાના પાઠ ભણાવીને તેમના કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. બાબાજીએ જીવનના તમામ ક્ષેત્રોમાં હંમેશાં સર્વશક્તિમાન નિરાકાર પ્રભુની ઇચ્છા ઉપર વિશ્વાસ રાખવા ભાર મુક્યો છે.સદગુરૂ માતાજી કહે છે કે અમારે અમારા કર્મોથી એક સાચા માનવ બનીને પ્રતિપલ સમર્પિત ભાવથી પોતાનું જીવન જીવવાનું છે અને એ જ સાચા અર્થમાં બાબાજીના પ્રત્યે અમારૂં સૌથી મોટું સમર્પણ કહેવાશે તથા તેમના ઉપદેશો ઉપર ચાલીને અમે તેમને સાચી શ્રદ્ધાંજલી અર્પિત કરી શકીશું.

માનવકલ્યાણના પ્રત્યે સમર્પિત સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ સમગ્ર જીવન દરમ્યાન એક આધ્યાત્મિક માર્ગદર્શકના રૂપમાં માનવમાત્રને સત્યનો માર્ગ બતાવતા રહ્યા.આ દ્રષ્ટિકોણને સકારાત્મક સ્વરૂપ આપતાં વર્તમાન સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ એક નવી ઉર્જા તથા તન્મયતાથી આગળ વધી રહ્યાં છે.

સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં આ વર્ષે "સમર્પણ દિવસ" નું આયોજન એક વિશાળ નિરંકારી સંત સમાગમના રૂપમાં તા.૧૩-૦૫-૨૦૨૨ના રોજ સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ,સમલખા(હરીયાણા) ખાતે કરવામાં આવશે.સંત નિરંકારી સત્સંગ ભવન,ભુરાવાવ,ગોધરા ખાતે સાજે ૬ થી ૮ દરમ્યાન સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે તથા આ સંત સમાગમ દેશના તમામ શહેરોમાં તથા વિદેશોમાં અલગ અલગ જગ્યાઓએ આયોજિત કરવામાં આવશે જ્યાં તમામ ભક્તો મોટી સંખ્યામાં એકત્ર થઇને બાબા હરદેવસિંહજી મહારાજને યાદ કરીને તેમના દ્વારા આપવામાં આવેલ ઉપદેશો અનુસાર પૂર્ણ સકારાત્મકતા તથા સમર્પણની સાથે જીવન જીવન જીવવાનો સંકલ્પ લેશે.

વર્તમાન સમયમાં દરેક જગ્યાએ વેર,ઈર્ષ્યા,દ્રેષનું વાતાવરણ વ્યાપેલું છે,દરેક માનવ બીજાનું ફક્ત અહિત કરવામાં લાગેલો છે તેવા સમયમાં બાબા હરદેવસિંહજી મહારાજના પ્રેરક સંદેશ "કુછ ભી બનો મુબારક હૈ પર પહલે તુમ ઈન્સાન બનો" "દિવાલ રહિત સંસાર" "એકને જાણો એકને માનો એક બની જાઓ" વગેરેને જીવનમાં અપનાવવાની નિતાંત આવશ્યકતા છે,તો જ સાચા અર્થમાં વિશ્વમાં અમન અને શાંતિનું વાતાવરણ સ્થાપિત થઇ શકશે..

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાજસ્થાનમાં ભીલવાડા બાદ હવે હનુમાનગઢમાં તણાવ

જયપુર,તા.૧૨

રાજસ્થાનમાંથી ફરી એકવાર તણાવના અહેવાલ આવી રહ્યા છે. ભીલવાડા બાદ હનુમાનગઢમાં હિંસક ઘર્ષણ થયું છે. મળતી માહિતી મુજબ હનુમાનગઢમાં વિશ્વ હિન્દુ પરિષદના સ્થાનિક નેતા પર હુમલો થયા બાદ તણાવ વધ્યો. હુમલાના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા લોકોએ રસ્તા જામ કરી દીધા. હાલ વીએચપી નેતાને બીકાનેર હોસ્પિટલ શિફ્ટ કરાયા છે. બીજી બાજુ મધ્ય પ્રદેશથી પણ હિંસાના અહેવાલ આવી રહ્યા છે.

મધ્ય પ્રદેશના રાજગઢ વિસ્તારના કરેડી ગામમાં બે સમુદાયો વચ્ચે જૂથ અથડામણ થઈ. આ દરમિયાન પોલીસ ઉપર પથ્થરમારો કરાયો અને ઉપદ્રવીઓએ ઘરોમાં આગચંપી પણ કરી. ગત રાતે ઘટેલા આ ઘટનાક્રમમાં બે સમુદાય વચ્ચે જમીન વિવાદે સાંપ્રદાયિક સ્વરૂપ ધારણ કરી લીધુ. સ્થિતિ વણસી જતા બંને સમુદાયો તરફથી પથ્થરમારો થયો અને કેટલાક ઘરોમાં આગચંપી કરાઈ. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ બે અલગ અલગ સમુદાયના લોકોના ઘરમાં આગચંપી થઈ હતી. રાજગઢ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ ઉમેશ યાદવ જ્યારે અન્ય પોલીસકર્મીઓ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા તો ઉપદ્રવીઓએ તેમના ઉપર પણ પથ્થરમારો કર્યો.

હનુમાનગઢ જિલ્લાના નોહરમાં વિશ્વ હિન્દુ પરિષદના નેતા સતવીર સહારણ પર કેટલાક યુવકોએ હુમલો કર્યો ત્યારબાદ સ્થિતિ વણસી. ઘાયલ સતવીરને નોહરથી હનુમાનગઢ રેફર કરાયા જ્યાં પ્રાથમિક સારવાર બાદ બીકાનેર રેફર કરાયા. આ ઘટના બાદ વીએચપીના કાર્યકરો આક્રોશમાં આવી ગયા અને રસ્તા જામ કર્યા. તેમનું એમ કહેવું છે કે નોહરમાં નોહરમાં એક મહિલા અને એક વ્યક્તિએ સતવીરને કહ્યું કે કેટલાક યુવકો મંદિર સામે બેસી રહે છે અને છેડતી કરે છે. જ્યારે સતવીર પૂછપરછ માટે પહોંચ્યા તો તેમણે ઝઘડો શરૂ કરી દીધો અને લોઢાના સળિયાથી સતવીરને ઈજા પહોંચાડી જેના કારણે તે ગંભીર ઘાયલ થયા.

# એક ભારત, ગરમ ભારતને અમારી સરકારે ચરિતાર્થ કર્યું - રાજુ રદીનો દાવો.

ગિરધરઆઇ. આને અસરકારક સરકાર કહેવાય. પરિણામ મેળવવા કરોડો લિટર પરસેવો વહેડાવવો પડે. કહે છે ને કે સિધ્ધિ તેને વરે જે પરસેવે નહાય.મન હોય તો માળવે જવાય.હાથ રુમાલને બદલે ટોવેલથી પરસેવાના ધધૂડા લૂંછતાં રાજુ રદી પોરસાયો

" સરકારે શું કર્યું એ તો કહે, મારા બાપ?" મેં પૂછ્યું.

" ગિરધરભાઇ,તમે છાપા વાંચતા નથી કે શું નથી કર્યું? સરકારે શું નથી કર્યું એમ પૂછો?" રાજુ હજુ બ્લાઇન્ડ ગેમ રમતો હતો.

" ચાલ સરકારે શું શું નથી કર્યું એ કહે!" મેં રાજુને કહ્યું

" જે કામ અંગ્રેજો કરી ન શકયા, પાછલી સરકારો ન કરી શકે એ કામ અમારી સરકારે કર્યું.અમારી સરકારે તમામ દેશોના છેલ્લા સો વરસોના ડેટા મેળવ્યા. એનું એનાલીસીસ કર્યું. સ્ટ્રેટ્જી માટે વોર રૂમ બનાવ્યો. નીતિઓ ઘડવા બ્રેઇન સ્ટ્રોમિંગ કર્યું, મગજનું દહીં નહીં પણ દહીંનું મગજ કર્યું. ધડાધડ હુકમો કર્યા. સ્લોગનો બનાવાયા. આઇ કેંચી સૂત્રો બનાવ્યા. તેના સ્ટિકરો, હોર્ડિંગ, તેની ચોપાસ ચર્ચા , ટ્વિટર યુદ્ધ, વોટસએપ મેસેજનો મારો કર્યો. આના લીધે બે પાંચ ટકા સફળતા એમને એમ મળી ગઇ. સફળતા ફલ્યુક નથી . વરસોની સાધના તપશ્ચર્યાને લીધે મળે છેપ.." રાજુ નીતિ આયોગનો સભ્ય હોય એવી છટાથી બોલ્યો.

"હંઅ" મારા ભાગે આટલું બોલવાનો જ વિકલ્પ હતો.

"ગિરધરભાઇ.અગાઉની સરકારે કોઇ નક્કર કામગીરી કરી ન હતી. છૂટીછવાઇ નગણ્ય કામગીરી કરી હતી.અમારી સરકારે મિશન મોડમાં કામગીરી હાથ ધરી છે. ખેડુતોની આવક બમણી કરી છે, તેમ આ બાબતે પણ ૨૦૧૪ ના વરસને બેઇઝ બનાવી દર વરસે ૧૦ % નો પ્રોજેકટેડ વધારો કરી ૨૦૨૩ માં બમણી કરવાનો દ્રઢ સંકલ્પ, નેમ અને પ્રતિબદ્ધતા છે." રાજુએ સરકારના આશયનો પુનોચ્ચાર કર્યો.!

"રાજુ. પેટ્રોલ ,ડિઝલ , ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડવાનું અભિયાન છે??

" ના . ગિરધરભાઇ ફાલતુ બાબતો અમારા એજન્ડામાં નથી.મને વિનમ્રભાવે જણાવતાં આનંદ થાય છે કે સો વરસના ગરમીના રેકોર્ડ તોડ્યા છે!!! અમે એક ભારત -ગરમ ભારત. એક ભારત-બળબળતું ભારતનો સોનેરી સંકલ્પ આઝાદીના અમૃત મહોત્સવમાં સિદ્ધ કર્યો છે!!"રાજુએ મૂછે હાથ ફેરવીને કહ્યું.

હાંફતા કૂતરાંના અધખુલ્લા મોઢામાંથી ગરમ હવા નીકળે તેમ મારા મોંમાંથી ૪૮ ડિગ્રી ગરમીનો ઉકળાટ નીકળ્યો," ના હોય બોસ!"

ભરત વૈષ્ણવ

---

કરો છો

તમે નટખટ અટકચાળો કરો છો,
શા માટે અમને જીવટાળો કરો છો?
સફળતાનું હજુ કાંડું પકડુ ત્યાં તો,
છણકો કરીને છટકચાળો કરો છો.
નસીબ આડે પાંદડું છે કે કબીરવડ,
કશું ન સમજાય લટકચાળો કરો છો.
છાણ વાસીદાથી લઈને કેટલા કામ ,
કાનાજી મટકીએ કાંકરીચાળો કરો છો.
ઘરમાં જ માખણ ,મિસરી ,મલાઈ છે,
ભરત બહાર શું અટકચાળા કરો છો?

ભરત વૈષ્ણવ



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



જયકાંત ઘેલાણી કલ્પના ત્રીવેદી

NOG NO. S.S. 0059.

વિષયઃ શબ્દઃ સ્નેહની સરવાણી

પ્રકારઃ ગદ્ય-લેખ.

શીર્ષકઃ અભિલાષા

શબ્દોઃ૨૧૦

જયકાન્ત ઘેલાણી "પ્યારે".

વહેતી રહે છે સતત જળ સરવાણી, પ્યાસ બુઝાવવા સકળ સૃષ્ટિની ! ,

જ્યારે, બની સરવાણી હું,સ્નેહની,પ્યારે', ટકાવી રાખું, હું માનવસંબંધ !

આપણે દરેકે, પાણીની સરવાણી,સરિતા, કુવા,વીરડા કે ઝરણામાં નિહાળીએ છીએ.

સ્નેહની સરવાણી તો અંતરની લાગણી છે,

જેને વિશ્ર્વમાં કોઈએ નરી આંખે ન જોઈ હોય.

'પ્યારે' સ્નેહની સરવાણી તો ફક્ત અનુભવવાની ક્રિયા છે.

એ તો જે માણે તે જાણે!

તમામ જીવસૃષ્ટિનો સંબંધ, ફક્ત ને ફક્ત, પૂર્વભવોના,અરસ પરસના શેષ રહેલાં કર્મોને આધીન છે.

સંબંધોમાં પણ,સ્નેહના સંબંધો નરી આંખે જોઈ શકાતાં નથી પણ તે ફક્ત અનુભવની એરણ પર અવલંબે છે, જેમ કે મા ની અમીદ્રષ્ટિ,પરિવારજનોની કૃપાદ્રષ્ટિ,સ્નેહીઓની પ્રેમદ્રિષ્ટ, વિગેરે આપણે રોજીંદા જીવનમા માણતાંજ હોઈએ છીએ.

અરે ! આપણી પ્રાણીઓ પ્રત્યેની કૃપાદ્રષ્ટિ પણ બાકી રહેલાં પૂર્વ ભવોના લેણ દેણના સંબંધોનું પરિણામ છે.

આપણે આપણાં જીવનમાં સુખી થવું હોય, દરેકને સુખી જોવાં હોયતો,...

"પ્રેમ કી ગંગા બહાતે ચલો.."

પ્યારે'સ્નેહ કી સરવાણી, બહાતે રહો.....

જો વિશ્ર્વનાં દરેક ધર્મો,

ધર્મ ગુરુઓ- મૌલવીઓ,વિશ્ર્વમાં ફેલાયેલી નફરતની નદીની જગ્યાએ,

'સ્નેહની સરવાણી'વહેડાવવાનો મક્કમ નિર્ણય કરશે તો આ સમગ્ર જગતમાંપ્રેમ- લાગણી-સુખનો સૂર્ય ઝળહળી ઉઠશેજ, તેમા બે મત નથી.

સ્નેહ આપનાર, તેને સ્વીકારનાર અને તેને સમજનારજ,સ્નેહની સરવાણીની મીઠાશનો રસાસ્વાદ. માણી શકેછે.

સ્નેહની સરવાણી અતૂલ્ય !

સ્નેહની સરવાણી અમૂલ્ય !

સ્નેહની સરવાણી અકથ્ય !

---

" NOG SS No : 0019

વિષય...સરવાણી

પ્રકાર...પદ્ય અછાંદસ

શીર્ષક... મળો ભીતર

મળે ત્યાંથી આ પીડા સંઘરવાની કેવી આદત છે?
લાગ્યું કે સાતમે પાતાળ પાણી હશે,
પથ્થર છે તો કયાંક સરવાણી પણ હશે!
કેવી છે માનવની કામના , કે ઇચ્છાનું આ મૃગ તરસે મરે છે,,
એને પીવડાવો લાગણીના વારિ,
શું કામ ઝખમ ખોતરી ને પૂછો છો ,
કે કેવો છે. મૃગજળ નો અનુભવ!!
ક્યાંક ખોવાઈ જવું ને ક્યાંક મળી જવું,
આ મર્યાદા ના બારણે ટકોરા વગર ખૂલી જવું જોઇએ!
માનવીએ પોતાની ભિતર જ મળી જવું જોઈએ.

કલ્પના બેન ત્રિવેદી,સુરેન્દ્રનગર

# વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદની અંદર વીડિયોગ્રાફી અને સર્વે ૧૭મી મે પહેલા કરવા આદેશ

અલ્હાબાદ,તા.૧૨

વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદની અંદર વીડિયોગ્રાફી અને સર્વે કરવા અંગે અને તે માટે નિયુક્ત કરાયેલા એડવોકેટ કમિશનર એ કે મિશ્રાને બદલવાનો આગ્રહ સંબંધિત અરજી મામલે વારાણસીની ડિસ્ટ્રિક્ટ કોર્ટે આજે પોતાનો નિર્ણય જણાવ્યો. કોર્ટેસર્વે માટે નિયુક્ત કરેલા એડવોકેટ કમિશનર અજયકુમાર મિશ્રાને હટાવવાની ના પાડી દીધી. કોર્ટે તેમની સાથે બે અન્ય વકીલને પણ સર્વે કમિટીમાં સામેલ કર્યા છે. આ સાથે જ કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદનો ૧૭મી મે પહેલા સર્વે કરાવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે ૧૭મી મેના રોજ સર્વેનો આગામી રિપોર્ટ આપવા માટે કહ્યું છે.

કોર્ટે આજે કરેલા આદેશ મુજબ ભોયરામાં જે તાળા લાગેલા છે તેને તોડીને સર્વેનું કામ પૂરું કરવામાં આવે. જિલ્લાધિકારી પણ આ કેસમાં નિગરાણી કરશે. કોર્ટ કમિશનર એ કે મિશ્રાને હટાવવામાં નહીં આવે તેઓ પદ પર યથાવત રહેશે અને તેમને સાથ આપવા માટે બે સહાયક કમિશનર રહેશે જેમના નામ વિશાલ સિંહ અને અજય સિંહ છે અને તેઓ તેમને સર્વેમાં મદદ કરશે. આ બાજુ વાદી પક્ષના વકીલે કહ્યું કે કોર્ટે સમગ્ર મસ્જિદ પરિસરનો સર્વે કરાવવાનો આદેશ આપ્યો છે. યુપી સરકાર અને પ્રશાસનને પણ આદેશ આપ્યા છે કે આ કાર્યવાહી પૂરી કરાવવામાં આવે અને જે પણ લોકો આ કામમાં વિઘ્ન નાખે તેમના પર કાર્યવાહી કરવામાં આવે.

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ મામલે કોર્ટમાં બુધવારે સુનાવણી પૂરી થઈ હતી. ત્યારબાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. કેસમાં પ્રતિવાદી અંજુમન ઈન્તઝામિયા મસાજિદ કમિટી તરફથી એડવોકેટ કમિશનર એ કે મિશ્રાને હટાવવાની માગણી મુદ્દે છેલ્લા ૩ દિવસથી દલીલો થઈ રહી હતી. હિન્દુ પક્ષના વકીલ શિવમ ગોરે બુધવારે કેસની સુનાવણી બાદ મીડિયાને જણાવ્યું કે સિવિલ જજ રવિકુમાર દિવાકરની કોર્ટમાં જ્ઞાનવાપી પરિસરમાં 'બેરિકેડિંગની અંદર' સ્થિત બે ભોયરા ખોલાવીને તેની વીડિયોગ્રાફી કરાવવા અને એડવોકેટ કમિશનરને બદલવા મુદ્દે બંને પક્ષોએ પોત પોતાના તર્ક રજૂ કર્યા. જ્યારે એડવોકેટ કમિશનર અજય મિશ્રાએ પણ પોતાનો પક્ષ રજૂ કર્યો. આ મામલે કોર્ટ તરફથી નિયુક્ત કરાયેલા એડવોકેટ કમિશનર અજયકુમાર મિશ્રાએ કોર્ટમાં કહ્યું કે તેમણે પૂરેપૂરી પ્રમાણિકતા અને નિષ્ઠાથી કામ કર્યું છે. આવા કેસમાં લોકોને સમસ્યા રહેતી હોય છે. કોર્ટનું કામ છે તે દૂર કરે. ત્યાં એવું કઈ કામ થયું નથી જેનાથી કોર્ટના કોઈ પણ આદેશનો ભંગ થયો હોય. અત્રે જણાવવાનું કે આ મામલે મુસ્લિમ પક્ષ તેમની દલીલોથી ખુશ નહતો અને તેમને બદલવાની માંગણી કરાઈ હતી. હિન્દુ પક્ષ આ પરિસરની વીડિયોગ્રાફી અને સર્વે કરાવવાની વાત કરી રહ્યો છે જ્યારે મુસ્લિમ પક્ષનો અલગ મત છે.

આ બાજુ મુસ્લિમ પક્ષના વકીલ અભય યાદવે કહ્યું કે મસ્જિદનું તાળું ખોલાવીને અંદરની વીડિયોગ્રાફી કરાવવા મુદ્દે અરજી પર કોર્ટમાં લગભગ સવા બે કલાક સુધી દલીલો ચાલી. જેના પર મુસ્લિમ પક્ષે આપત્તિ રજૂ કરી હતી.

# ગુજરાતની ધરતીએ મને તૈયાર કર્યો છે, હું જે પણ શીખ્યો તમારી પાસેથી શીખ્યો છું' : વડાપ્રધાન

ભરૂચ,તા.૧૨

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૧૩ હજાર લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યુ છે. જિલ્લા વહીવટી તંત્રની ઉત્કર્ષ પહેલ અંતર્ગત ચાર યોજનામાં સો ટકા લાભાર્થીઓને આવરી લેવાયા છે. આ ઉત્કર્ષ સમારોહમાં વડાપ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યુ કે, ×હકદારને સંપૂર્ણ લાભ મળવો જોઈએ. ગુજરાતની ધરતીએ મને તૈયાર કર્યો છે. હું જે પણ શિખ્યો છું, તમારી પાસેથી શિખ્યો છું.×

આ ઉત્કર્ષ સમારોહમાં મોદીએ સંબોધનમાં જણાવ્યુ કે, ×હકદારને સંપૂર્ણ લાભ મળવો જોઈએ. ગુજરાતની ધરતીએ મને તૈયાર કર્યો છે. હું જે પણ શિખ્યો છું, તમારી પાસેથી શિખ્યો છું. દેશમાં અમારી સરકારના ૮ વર્ષ પૂર્ણ થયા. ચાર યોજનાઓથી અનેક વિધવા બહેનોને લાભ મળ્યા છે.'

પીએમ મોદીએ વધુમાં જણાવ્યુ કે, અમારી સરકાર સામાજિક સુરક્ષા, જન કલ્યાણ અને ગરીબોના સન્માન માટે છે. ગરીબોની ગરિમાનો સંકલ્પ અને ગરીબોના ગૌરવના મૂલ્યો જ આપણને પ્રેરણા આપે છે. પીએમ મોદીએ જણાવ્યુ કે, ૨૦૧૪માં જ્યારે તમે અમને સેવાની તક આપી ત્યારે દેશની લગભગ અડધી વસ્તી શૌચાલયની સુવિધા, રસીકરણની સુવિધા, વીજળી જોડાણની સુવિધા, બેંક ખાતાની સુવિધાથી વંચિત હતી. તમામના પ્રયાસોને કારણે ઘણી યોજનાઓ ૧૦૦% સંતૃપ્તિની નજીક લાવવામાં સફળ રહી છે.




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર,શાંતિ કુંજ, હરિદ્વાર પ્રેરિત દેવ સંસ્કૃતિના નિર્માતા-યજ્ઞ પિતા ગાયત્રી માતા ×ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ× વિશ્વ શાંતિ, કોરોના રુપી વૈશ્વિક મહામારીના નિવારણ અને એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્યને સાકાર કરવા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાનનું વિશ્વભરમાં એક સાથે આયોજન ૧૫ મે રવિવાર અને ૧૬ મે બુદ્ધ પૂર્ણિમાના પવિત્ર દિવસે સોમવારે લાખો ધરોમાં યજ્ઞ પ્રયોગ સમય સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ (અનુકૂળતા મુજબ) ઉપરોક્ત સંદર્ભે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર જોડાશે અને ભાગલેશે પરંતુ આપ જ્યાં પણ રહેતા હોવ..આપ સૌ આપના ઘરે જાતે જ સરળ રીતે યજ્ઞ કરી શકશો.આપણી ભારતીય પરંપરા પ્રમાણે અગ્નિ પ્રગટાવી તેમાં ભાવ સંવેદનાથી ગાયત્રી મંત્ર ની ૨૪ અને મહામૃત્યુંજય મંત્ર ની ૫ મંત્રોચ્ચાર સાથે ઔષધીય જડી બુટ્ટીઓ દ્વારા આહુતિઓ આપવામાં આવે તો તેનું આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક રીતે પણ ખૂબ જ મહત્વ છે.આપણુ ઘર તેમજ આસપાસના ઘણા વિસ્તારમાંથી રોગના જીવાણુઓ નાશ પામે અને સમગ્ર એરિયામાં પણ સેનેટાઇઝ થઈ શકે સમગ્ર વિસ્તાર પવિત્ર બને, જેથી આપને અનૂકુળ હોય તે રીતે આપના ઘેર તથા આપના સંપર્કમાં તથા આસપાસના સૌના ઘેર આ યજ્ઞ આહુતિ આયોજન કરવા નમ્ર વિનંતી છે.અન્ય લોકોને પણ જોડાવું હોય પરંતુ જેમની પાસે હવન સામગ્રી નથી તેઓ પણ ઘરમાં રહેલી વસ્તુઓ ચોખા,જવ,તલ, ખાંડ કે ગોળ,સૂકી દ્રાક્ષ, જાવંત્રી,જાયફળ,તજ, લવિંગ,,એલચી, કાળા મરી, સૂંઠ,ગિલોય, કપૂર, ગુગળ, ઘી, કાષ્ટ વિગેરે માંથી જે શક્ય હોય તેનો ઉપયોગ કરી આહુતિઓ પ્રદાન કરી શકે છે .

# પ્રભુ નામ સુમિરણનો મહિમા

નામ-જપનો મહિમા અનેરો છે.જપ કરવાથી જન્મકુંડળીના ગ્રહો પણ બદલાઈ જાય છે.જનાબાઈએ કર્યા એવા નામ-જપ કરવાની જરૂર છે.નામદેવ મહારાજ ભારતના પ્રથમ પંકિતના સંત ગણાય છે, તેઓશ્રીના જીવન વિષેની માહિતી અંભંગો તેમજ ભજનો દ્વારા 'જનાબાઇ' જેઓ નામદેવ મહારાજના પરિવારમાં સેવિકા હતાં તેમના દ્વારા મળી રહે છે. "કથા એવી છે કે જનાબાઈ છાણા થાપે અને તે કોઈ ચોરી જાય છે એટલે જનાબાઈએ નામદેવને ફરિયાદ કરી.નામદેવ કહે છે કે છાણા તો સહુના સરખાં હોય, તારાં છાણા ઓળખાય કેવી રીતે? ચોર પકડાય કેવી રીતે? જનાબાઈએ કહ્યું કે મારાં છાણાની ઓળખ છે કે મારૂં છાણું કાન આગળ ધરશો તો વિઠ્ઠલ-વિઠ્ઠલ એવો ધ્વનિ સંભળાશે." નામદેવે ખાતરી કરી તો છાણામાંથી વિઠ્ઠલ-વિઠ્ઠલ ધ્વનિ આવતો સંભળાયો, તેમણે જનાબાઈને કહ્યું કે ખરેખર નામદેવ હું નહિ પણ તમે છો. "જનાબાઈ છાણા થાપતી વખતે વિઠ્ઠલ-વિઠ્ઠલના જપમાં એટલાં તલ્લીન થઈ જતાં કે જડ છાણામાંથી જપનો ધ્વનિ નીકળતો."

પ્રાચીન સમયમાં સંતો-ભક્તો ક્યાંય ભણવા ગયા હોય તેવું તેમના ચરિત્રમાં ક્યાંય લખ્યું નથી પણ "ભગવદભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું હતું.પંડિતો શાસ્ત્ર પાછળ દોડે છે અને મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે.વેદાંતના સિદ્ધાતો સમજવા મુશ્કેલ છે પણ નામસ્મરણ સહેલું છે,ભક્તિ સહેલી છે.કથા જીવનમાં માર્ગ



विनोदभाई माछी निरंकारी

બતાવે છે,મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે પણ તેનો ઉદ્ધાર તો નામસ્મરણથી જ થાય છે.નામ સાથે પ્રીતિ કરો તો ભક્તિનો પ્રારંભ થશે."

"દ્દષ્ટાંત વગર સિદ્ધાંત બુદ્ધિમાં ઠસતો નથી. "નામ" ના મહિમાના સંબંધમાં અજામિલની કથા કહી છે.?" અજામિલ અધમ હતો,માયામાં મશગુલ હતો તેમછતાં ભગવાનના નામ સુમિરણનો સહારો લઇ કૃતાર્થ થયો હતો.અજામીલને એક પુત્ર થયો તેનું નામ નારાયણ પાડ્યું.હવે તેને પુત્ર નારાયણમાં એટલી બધી આસક્તિ થઇ ગઈ હતી કે તેણે પોતાનું સંપૂર્ણ હૃદય તેના બાળક નારાયણને સોંપ્યું હતું.આખો દિવસ 'નારાયણ-નારાયણ' જ બોલતો હતો.આમ એંસી વર્ષો વીતી ગયા,તે માયામાં મગ્ન બની ગયો હતો કે તેને ખ્યાલ જ ન હતો કે કાળ એનાં માથા પર આવી ગયો છે.તે ફક્ત તેના પુત્ર નારાયણના સંબંધમાં જ વિચારતો હતો.એક દિવસે અજામિલે જોયું કે ખૂબ જ ભયાનક એવા ત્રણ યમદૂતો તેને લઇ જવા આવ્યા હતા તે સમયે છોકરો નારાયણ ત્યાંથી થોડે દૂર રમી રહ્યો હતો.યમદૂતને જોઇને અજામિલ ગભરાઈને પુત્રને કહે છે કે "નારાયણ મારી રક્ષા કર,મને બચાવ,તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા ભગવાન વિષ્ણુના કેટલાક પાર્ષદોએ જોયું કે આ મનુષ્ય અંત સમયે ભગવાન નારાયણના નામનો જાપ કરી રહ્યો છે તેથી તેઓ ઝડપથી ત્યાં પહોંચે છે,તે સમયે યમરાજના દૂતો અજામિલના શરીરમાંથી જીવાત્માને ખેંચી રહ્યા હતા ત્યારે વિષ્ણુના પાર્ષદોને રોકીને યમદૂતોએ કહ્યું કે 'તમે ધર્મરાજના આદેશનું અનાદર કરનારા કોણ છો? તમે કોના દૂત છો? ભગવાન નારાયણના પાર્ષદોએ હસીને કહ્યું કે "યમદૂતો જો તમે ખરેખર ધર્મરાજના આજ્ઞાકારી છો તો પછી અમને ધર્મની વિશેષતાઓ અને ધર્મનું તત્વ બતાવો.બોલો સજાને પાત્ર કોણ હોય છે?" યમદૂતોએ કહ્યું કે "વેદોમાં જેનું વિધાન છે એ બધી ક્રિયાઓ ધર્મ ગણાય છે અને જે ક્રિયાઓનો નિષેધ કરવામાં આવ્યો છે તે અધર્મ સમજવામાં આવે છે.વેદ એ ભગવાન સ્વયં જ છે.તેઓ જ વેદોના શ્વાસ-પ્રશ્વાસ છે અને ભગવાન જ વેદોનું પ્રકાશજ્ઞાન છે એવું અમે સાંભળ્યું છે.પાપ કર્મો કરનારા બધા જીવાત્માઓને તેમનાં પોતાના કાર્ય અનુસાર શિક્ષા કરવામાં આવે છે.ભગવાનના પાર્ષદોએ ઉત્તર આપતા કહ્યું કે "આ એક ખૂબ જ આશ્ચર્યજનક અને ખેદજનક વાત છે કે ધર્મજ્ઞોની સભામાં જ અધર્મ પ્રવેશ કરી રહ્યો છે કારણ કે ત્યાં નિર્દોષ અને શિક્ષાપાત્ર નથી એવા લોકોને નાહકની સજા આપવામાં આવી રહી છે. અજામિલે અનેક જન્મોના પાપોનું પ્રાયશ્ચિત કરી લીધું છે,તેણે ભલે વિવશ થઈને પણ ભગવાનનાં સર્વોચ્ચ કલ્યાણકારક મોક્ષપ્રદ પ્રભુનામનું ઉચ્ચારણ કર્યું છે,તેણે આ ચાર અક્ષરો 'નારાયણ' ઉચ્ચાર્યા હતા તે જ સમયે તેના તમામ પાપોનું પ્રાયશ્ચિત થઈ ગયું છે.ભલે ગમે તેવો મોટો પાપી કેમ ના હોય તેના માટે ફક્ત આટલું જ પ્રાયશ્ચિત છે કે એણે ભગવાનનાં નામ-સુમિરણનો જપ કરવો કારણ કે ભગવાનના નામનો જપ કરવાથી વ્યક્તિની બુદ્ધિ ભગવાનના ગુણો, લીલા અને સ્વરૂપોમાં મગ્ન થઈ જાય છે અને સ્વયં ભગવાનની આભા તેની આસપાસ ઘનિષ્ઠ બની જાય છે તેથી તમે અજામિલને લઈ જઇ શકતા નથી.તેનાં પાપોનું પ્રાયશ્ચિત થઈ ગયું છે એટલા માટે કે અંત સમયે તેણે ભગવાનનાં નામનું સ્મરણ કર્યું છે." આ રીતે ભગવાનના પાર્ષદોએ ભાગવત ધર્મનો સંપૂર્ણ નિર્ણય સંભળાવી દીધો અને અજામિલને યમદૂતની ચુંગાલમાંથી મુક્ત કરીને બચાવ્યો.પ્રભુનો આવો મહિમા સાંભળીને તુરંત જ અજામિલના હૃદયમાં ભક્તિ જન્મી.હવે તેના પાપોને યાદ કરીને તેણે ખૂબ પસ્તાવો કરવાનું શરૂ કર્યું.અજામિલના મનમાં સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો,બધા જ સંબંધો અને મોહનો ત્યાગ કરી યોગ માર્ગનો આશ્રય લઈને તેણે પોતાની બધી ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવી અને મનમાં લીન કરી મનને બુદ્ધિમાં સમાવી આત્મ-ચિંતન દ્વારા બુદ્ધિને વિષયોથી દૂર કરી પરબ્રહ્મમાં જોડી દીધી.આ રીતે જયારે અજામિલની બુદ્ધિ ત્રિગુણમયી પ્રકૃતિથી ઉપર ઉઠીને ઈશ્વરના સ્વરૂપમાં સ્થિત કરી પોતાનો દેહત્યાગ કર્યો અને ભગવાનના પાર્ષદોનું સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું.

અજામિલ જેવા પાપી જેણે અંત સમયે પુત્રના બહાને ભગવાનનું નામ પોકાર્યું તો તેને વૈકુંઠ પ્રાપ્ત કર્યું છે તો પછી જેઓ શ્રદ્ધાપૂર્વક પ્રભુ નામ સ્મરણ કરે છે તેમની તો વાત જ શી કરવી? બુદ્ધિશાળીઓ આ પ્રકારનો જ વિચાર કરીને ભગવાન પ્રત્યેની તેમની ભક્તિને હૃદયમાં સ્થાપિત કરે છે.જે મનુષ્યની જીભ ભગવાનનાં ગુણો અને નામોનું ઉચ્ચારણ કરતી નથી,જેનું મન પ્રભુ પરમાત્માને જાણીને ચિંતન કરતું નથી એવા ભગવત્સેવા વિમુખ લોકોને જ યમલોકમાં લઈ આવવા એવી યમરાજે પોતાનાં દૂતોને સલાહ આપીને હુકમ કર્યો.જ્યારે યમદૂતોએ યમરાજાના મુખેથી આ રીતે પ્રભુનો મહિમા સાંભળ્યો અને ધર્મરાજાની વાતોમાં વિશ્વાસ રાખીને તેઓ પોતાના વિનાશની આશંકાથી ભગવાનના આશ્રિત ભક્તો પાસે જતા નથી તથા તેઓ તેમની તરફ આંખ ઉઠાવીને જોતા પણ ડરતા હોય છે. આપણે બધા અજામિલ જેવા જ છીએ.આ જીવ માયામાં ફસાયો છે.ભોજનમાં માયા છે.કેટલાક જીવ ભોજનની માયામાં ફસાયેલા હોય છે તેમને અથાણાં-પાપડ વગર ચાલતું નથી.કામસુખમાં માયા છે. કેટલાકનું મન કામ-સુખમાં ફસાયેલું હોય છે,તેમને કામસુખ પ્રત્યે ધૃણા આવતી નથી.પૈસામાં માયા છે.લાખ મળે કે કરોડ મળે પણ મનુષ્યને એવી ઈચ્છા થતી નથી કે હવે એક પૈસો પણ ન મળે.સ્થાનમાં માયા છે. કોઈ મકાનમાં બે ચાર વર્ષ રહે તો પછી તે મકાન છોડવું ગમતું નથી આવી તો અનેક માયા આપણી આસપાસ છે, સ્ત્રીની, પુત્રની, પુત્રના પુત્રની વગેરે.. જીવ માયા સાથે મળી જાય છે તેથી તે દુ:ખી થાય છે. જીવ ઈશ્વર સાથે મળી જાય તો સુખી થાય.

આપણે જ્યાં જઈએ ત્યાં માયા સાથે આવે છે.કોલસાની ખાણમાં ઉતરે અને હાથ ચોખ્ખા રહે તે અશક્ય છે.સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે.આ સંસાર માયામય છે.સંસારમાં માયા વિના કોઈ કામ થતું નથી.માયાનો ઉપયોગ કરો પણ માયાપતિ એક પ્રભુ પરમાત્માને ન ભૂલો.માયાને આધીન ન બનો. જે માયાને આધીન છે તેને માયા ત્રાસ આપે છે પણ જે માયાનો વિવેકથી ઉપયોગ કરે છે તેને માયા મદદ કરે છે.માયા એ અગ્નિ જેવી છે.અગ્નિને કોઈ હાથમાં લેતું નથી પણ ચીપિયાથી અગ્નિને ઉપાડે છે તેવી જ રીતે માયાને વિવિકરૂપી ચીપિયાથી પકડવાની છે.વિવેકથી તેનો ઉપયોગ કરવાનો છે.વિવેક એટલે "હું પરમાત્માનો દાસ છું" એમ માનીને માયાના દાસ થવાનું નથી.માયા ખરાબ નથી પણ જીવ જયારે માયાનો દાસ બને છે ત્યારે માયા તેને રડાવે છે,મારે છે.

માયા આપણી પાછળ ન પડે તે માટે ઈશ્વરની શરણાગતિ લેવાની છે.માયાનો સ્પર્શ કરતા સાવધાન રહેવાનું છે,સંસારમાં રહી માયાનો ત્યાગ કરવો તે ખુબ જ અઘરો અને અશક્ય છે.સંસારમાંથી જેનું મન હટી જાય છે તેનું મન માયામાંથી હટી જાય છે.જેવી રીતે અજામિલ કૃતાર્થ થયો હતો તેમ જીવ પ્રભુ નામ સુમિરણથી કૃતાર્થ થાય છે.પ્રભુ નામ સુમિરણ કરનારાઓના મોહ મદ કામ અને માન મટી જાય છે.જયારે પણ ભગવાનને યાદ કરીએ,નામ સુમિરણ કરીએ ત્યારે એવું ન વિચારવું કે ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે કે નહી? જે સાચા દિલથી પ્રભુને યાદ કરે છે તેમની પ્રાર્થના ભગવાન સાંભળે છે.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# SSJA દ્વારા ગુજરાતમાં સતત જળસંગ્રહ ક્ષમતા વધી રહી છે

# છેલ્લા ૪ તબક્કાઓમાં ૬૧,૭૮૧ લાખ ઘનફૂટ વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં સક્ષમ બન્યું ગુજરાત

ગાંધીનગરઃ

તાજેતરમાં ૨૪ એપ્રિલના રોજ પ્રસારિત થયેલા રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જળસંચયના મુદ્દા ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે વરસાદના પાણીનો વધુ ને વધુ સંગ્રહ કરવો એ દરેક સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ. આ દિશામાં ગુજરાત સરકાર છેલ્લાં ૪ વર્ષોથી એક વિશેષ અભિયાનનું નેતૃત્વ કરી રહી છે. સુજલામ સુફલામ જળ અભિયાન જેવા વિશિષ્ટ અભિયાને ગુજરાતની વોટર હોલ્ડિંગ કેપેસિટી એટલે કે જળસંગ્રહ ક્ષમતામાં ઉત્તરોત્તર વધારો કરવામાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

કોઈપણ પ્રકારના મોટા ખર્ચ કે રોકાણ વગર અને જનભાગીદારીની મદદથી આ અભિયાને ગુજરાતને અત્યારસુધીમાં ૬૧,૭૮૧ લાખ ઘનફૂટ વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં સક્ષમ બનાવી દીધું છે. તાજેતરમાં જ માર્ચ મહિનામાં ગુજરાત સરકારે આ અભિયાનનો પાંચમો તબક્કો શરૂ કર્યો છે. અત્યારસુધીમાં આ અભિયાન હેઠળ ૯૨૧ કામો પૂર્ણ થઈ ચૂક્યાં છે અને આ વર્ષે ગુજરાત સરકારનું લક્ષ્યાંક છે કે પાછલા વર્ષની સરખામણીએ જળસંગ્રહની ક્ષમતામાં વધુ વધારો થાય. તાજેતરમાં જ થયેલી એક સમીક્ષા બેઠક દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંબંધિત અધિકારીઓને કડક નિર્દેશો આપ્યા હતા કે વિભાગ એ સુનિશ્ચિત કરે કે સુજલામ સુફલામ જળ અભિયાન સંપૂર્ણપણે સફળ બને અને રાજ્યમાં જો ક્યાંય પણ પાણીની ચોરી થઈ રહી હોય તો તેના પર પણ કડક કાર્યવાહી કરવામાં આવે.

છેલ્લા ચાર તબક્કાઓની વાત કરીએ તો વર્ષ ૨૦૧૮માં ૧૩,૫૦૦ લાખ ઘનફૂટ, વર્ષ ૨૦૧૯માં ૧૦,૦૫૩ લાખ ઘનફૂટ, વર્ષ ૨૦૨૦માં ૧૮,૫૧૧ લાખ ઘનફૂટ, વર્ષ ૨૦૨૧માં ૧૯,૭૧૭ લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધારવામાં આવી છે. આ રીતે કુલ ૬૧,૭૮૧ લાખ ઘનફૂટ વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં ગુજરાત સફળ રહ્યું છે.

જીજીત્નછના પાંચમા તબક્કા હેઠળ ૧૮,૭૯૦ કામો પૂર્ણ કરવાનું લક્ષ્યાંક

અત્યારસુધીમાં સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કા હેઠળ ૯૨૧ કામો પૂર્ણ થઈ ચૂક્યા છે અને ૯૮૮૭ કામો હાલ પ્રગતિમાં છે. તેમાં ૩૮ તળાવો, ૨૮ નહેરો, ૫૩૯ અન્ય જળાશયોને સાફ કરવામાં આવ્યા છે તેમજ તેમને ઊંડા કરવામાં આવ્યા છે. અત્યારસુધીમાં આ કામોને લીધે ૭ લાખ માનવદિવસોનું સર્જન થયું છે અને હજુ એક મહિના સુધી આ અભિયાન ચાલવાનું છે.

ગુજરાતના જળ વિતરણ વિભાગના સચિવે આ વિષયમાં વધુ જાણકારી આપતા જણાવ્યું કે, "સુજલામ સુફલામ જળ અભિયાન એ એક અનોખું અને ગુજરાતના લોકોમાં ખૂબ લોકપ્રિય અભિયાન છે. આ અભિયાનમાં અમને દર વર્ષે વિશાળ જનભાગીદારી જોવા મળે છે. આ અભિયાન ગુજરાતમાં સ્થાનિક કક્ષાએ પાણીની જરૂરિયાતને પૂર્ણ કરવામાં વરદાન સાબિત થયંર છે. પાંચમા તબક્કા માટે અમારું લક્ષ્યાંક છે કે અમે ગત વર્ષ કરતા પણ વરસાદના વધુ પાણીનો સંગ્રહ કરીએ."

'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાને ગુજરાતના માલધારીઓની વૃદાસ પરંપરાનો કર્યો ઉલ્લેખ

વડાપ્રધાને તેમના મનકી બાત કાર્યક્રમમાં ગુજરાતના માલધારીઓ દ્વારા જળ સંરક્ષણ માટે ઉપયોગમાં લેવામાં આવતી પારંપરિક પદ્ધતિનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે કચ્છના રણમાં વસતા માલધારીઓ પાણીના સંગ્રહ માટે 'વૃદાસ' નામની એક પદ્ધતિનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ હેઠળ નાના-નાના કૂવાઓ ખોદવામાં આવે છે અને તે કૂવાના સંરક્ષણ માટે તેની આસપાસ નાના-નાના ઝાડવાંઓ રોપવામાં આવે છે. સુજલામ સુફલામ જળ અભિયાનના માધ્યમથી ગુજરાત સરકાર તેમના આ વિચાર પર છેલ્લા પાંચ વર્ષોથી સતત કાર્યરત છે.

વડાપ્રધાનશ્રીએ મન કી બાતમાં દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણનો લક્ષ્યાંક આપ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં દેશવાસીઓને એવી અપીલ પણ કરી હતી કે દેશ જ્યારે આ વર્ષે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે, ત્યારે તે નિમિત્તે દરેક રાજ્ય પોતાના દરેક જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવરોનું નિર્માણ કરે. ગુજરાતના પાણી પુરવઠા વિભાગના સચિવે જણાવ્યું કે વિભાગ વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને પૂર્ણ કરવા માટે કામ શરૂ કરી ચૂક્યો છે અને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ સુધીમાં ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરોના નિર્માણનું કાર્ય સંપન્ન કરવામાં આવશે.

# I.C.U. કેર માટે સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની "ટીમ ૯૦" રાઉન્ડ ધ ક્લોક

# વિશ્વ નર્સિસ ડે :- સિવિલ હોસ્પિટલના અંગદાનના સેવાયજ્ઞમાં સહાયક તરીકે ચાવીરૂપ ભૂમિકા અદા કરતા નર્સિંગ સ્ટાફ



આજે ૧૨ મી મે એટલે "વિશ્વ નર્સિસ ડે" નર્સિસ દિવસે અમદાવાદ સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની મહત્વની કામગીરી આપ સમક્ષ મૂકવી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના મહાયજ્ઞમાં ૬૦ વ્યક્તિઓના અંગદાન થકી ૧૬૩ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન આપવામાં સફળતા મળી છે. આ સફળતા પાછળ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ, તબીબો, ,કાઉન્સેલર્સ, સિક્યુરીટી ગાર્ડ અને નર્સિંગ સ્ટાફની મહેનત જોડાયેલી છે.

સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ ખાસ કરીને અંગદાનના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો આઇ.સી.યુ. કેર અને ઓપરેશન થીયેટરમાં ફરજરત નર્સિંગ સ્ટાફ અંગદાન માટે બેકબોન બનીને કાર્ય કરી રહ્યું છે.

આઇ.સી.યુ. કેર માટે "ટીમ ૯૦" એટલે કે ૯૦ નર્સિંગ સ્ટાફ ઇમરજન્સી કેર માટે દિવસ રાત રાઉન્ડ ધ ક્લોક કાર્ય કરે છે.

ખાસ કરીને દર્દી જયારે ગંભીર હાલતમાં હોય અને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવે ત્યારે તેને સી.પી.આર. આપવું, ઇમરજન્સી ડ્રગ્સ આપવા, જરૂરિ વાઇટ્સ દર કલાકે મોનીટર કરવાની કામગીરી આ મિત્રો કરે છે.

હોસ્પિટલમાં દાખલ દર્દીની કલાકે કલાકની રજે રજ ની માહિતી – ડેટા નોંધવાનું કાર્ય પણ નર્સિંસ કરતા હોય છે.

આઇ.સી.યુ. કેરમાં આવા જ એક ૨૯ વર્ષીય નર્સ તન્વીબેન કે જેઓ છેલ્લા ત્રણ વર્ષથી આઇ.સી.યુ. કેરમાં સેવારત છે જણાવે છે કે, બ્રેઇનડેડ દર્દીને આઇ.સી.યુ. માંથી ઓપરેશન થીયેટર સુધી પહોંચાડવા સુધીની કામગીરી ઘણી મહત્વની હોય છે.

બ્રેઇનડેડ દર્દીના શરીરના તમામ માપદંડો અને સપોર્ટ સિસ્ટમને લાઇવ રાખવું ખૂબ જ જરૂરી બની રહે છે જે કાર્ય આઇ.સી.યુ. નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

બ્રેઇનડેડ દર્દી ઓપરેશન થીયેટરમાં પહોંચી જાય ત્યારે ઓપરશન થીયેટરમાં અલગ નર્સિંગ સ્ટાફ હોય છે જે સર્જરીને લગતી કામગીરીમા સહાયકની ભૂમિકા અદા કરે છે.

આવા જ અન્ય એક નર્સ કે જેઓએ સ્વને ભૂલીને સમષ્ટિ માટે કાર્ય કરવાને પ્રાથમિકતા આપીને અંગદાન માટેના રીટ્રાઇવલ સેન્ટરમાં સહર્ષ ડ્યુટી સ્વીકારી. આ ફરજને નૌકરી માટે નહીં પરંતુ સમાજમાં લોકઉપયોગી બનવાના ઉદેશ સાથે ફરજ અદા કરીને મિસાલ કાયમ કરી છે. આ નર્સ છે "નેહા સિસ્ટર".

સિવિલ હોસ્પિટલમાં ફરજરત નેહા સિસ્ટર ઘણાં સમયથી પ્લાસ્ટીક ઓપરેશન થીયેટરમાં ફરજ અદા કરી રહ્યા છે. તેમણે સિવિલ હોસ્પિટલના અંગદાનની મુહિમમાં સહર્ષ જોડાઇને સેવાકાર્ય કરવાનો સંકલ્પ કર્યો છે.

નેહા સિસ્ટર ઓર્થોપેડિક ઓપરેશન થીયેટર,ગાયનેક ઓ.ટી.,સર્જીકલ ઓ.ટી. સહિત પ્લાસ્ટિક ઓ.ટી.માં કામગીરી કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. અંગદાનના રીટ્રાઇવલ સેન્ટરમાં કામગીરી અન્ય થી કંઇ રીતે અલગ છે તેના વિશે જણાવતા તેઓ કહે છે કે, અન્ય ઓપરેશન થીયટેરમાં દાખલ દર્દીના જીવ બચાવવા માટે ઓપરેશન કરવામાં આવે છે જ્યારે રીટ્રાઇવલ સેન્ટરમાં ૯ વ્યક્તિઓને નવજીવન આપવા . સિસ્ટર પોતાની કામગીરી વિશે માહિતી આપતા જણાવે છે કે, બ્રેઇનડેડ શરીરને આઇ.સી.યુ.માંથી માનપૂર્વક રીટ્રાઇવલ સેન્ટરમાં લઇ જવામાં આવે છે. શરીરને લાઇવ સપોર્ટીંગ સીસ્ટમ પર જીવંત રાખવા માટેની વ્યવસ્થા હાથ ધરાય છે. મારી અન્ય કામગીરીમાં રીટ્રાઇવલ કરતા તબીબો અને પ્રત્યારોપણ માટે આવેલા તબીબોને ઓ.ટી. ડ્રેસ, અન્ય ઉપકરણો ઉપલબ્ધ કરાવવા અને તમામ પ્રકારની વ્યવસ્થાનું સુદ્રઢ અને ત્વરીત આયોજન કરવાનું હોય છે.

તબીબો સાથે સહાયક તરીકે સંપૂર્ણ પ્રક્રિયા સાથે જોડાઇને તમામ અંગોનું રીટ્રાઇવલ થઇ ન જાય ત્યાં સુધી રાઉન્ડ ધ ક્લોક ખડેપગે ફરજ રહીએ છીએ.

નેહા સિસ્ટર સિવિલ હોસ્પિટલના ફરજ ના કલાકો બાદ સમાજ પ્રત્યેની ફરજ અને ઉત્તરદાયિત્વ નિભાવવા ઓર્ગેન ડોનેશની જાગૃતી માટે ડોનેટ યોર સેલ્ફ કરીને સોશિયલ મીડિયા પર કેમ્પેઇનીંગ કરે છે.

ચર્ચમાં ખ્રિસ્તી સમાજના લોકોમાં પણ અંગદાન પ્રત્યે જાગૃકતા લાવવા તેઓએ જનજાગૃતિની પ્રવૃતિઓ આરંભી છે. સિવિલ હોસ્પિટલના અંગદાનની મુહિમ ૬૦ એ પહોંચી છે. સિવિલ હોસ્પિટલ તંત્રના અથાગ પરિશ્રમ અને આદરેલા સેવાયજ્ઞમાં ૬૦ અંગદાતાઓના પરિવારજનોએ કરેલા અંગોના દાન થકી ૧૬૩ જીવોમાં જીવ આવ્યો છે.

અંગદાન બાદ અંગોના રીટ્રાઇવલ માટે જેટલી મહેનત તબીબો કરે છે તેટલો જ પરિશ્રમ તેમના સાથે રહીને નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

નિષ્ણાંત તબીબો સાથે સહાયકની ભૂમિકા અદા કરીને અંગોનું રીટ્રાઇવલ કરીને તેને પ્રત્યારોપણ કેન્દ્ર સુધી મોકલવાની તમામ સફરમાં કળીરૂપ ભૂમિકા નર્સિંગ સ્ટાફની છે.

આજે સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીના વડપણ હેઠળની જીૅ ની ટીમ કે જેમાં સિનિયર તબીબો, ઇનટેન્સીવિસ્ટ, ન્યુરોસર્જરી, મેડિસીન ડિપાર્ટમેન્ટ ,એનેસ્થેટિક ડિપાર્ટમેન્ટ, જનરલ સર્જન, નર્સિંગ સ્ટાફ, કાઉન્સેલર્સ, સીક્યુરીટી ગાર્ડના સંકલનના પરિણામે જ અંગદાનની પ્રવૃતિએ વેગ પકડ્યો છે અને જવલંત સફળતા હાંસલ કરી છે.

અમિતસિંહચૌહાણ

# અમદાવાદ અગનભઠ્ઠીમાં ફેરવાયું, ૫ વર્ષ બાદ તાપમાન ૪૫ ડિગ્રીને પાર, લોકો રાતે પણ ઊંઘી ન શક્યા



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં આ વખતે ઉનાળો તમામ રેકોર્ડ તોળી રહ્યો છે. ત્યારે રાજ્યના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર થયો હતો. રાજ્યમાં દિવસની સાથે રાતે પણ ગરમ પવન ફૂંકાયા હતા. જેના કારણે ઠંડા પાણી, બરફ ગોળા, સોડા, ઠંડાપીણાની દુકાનો બહાર લાઈનો લાગી હતી. લોકો મોડી રાત સુધી રસ્તા પર ફરતા જોવા મળ્યા હતા. જે લોકો રાતે રોજ ધાબા પર ઠંડી હવામાં સૂઈ જાય છે તેઓને પણ ગરમ પવનોનો અનુભવ થયો હતો. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, હજુ પણ ૨૪ કલાક અનેક શહેરમાં તાપમાન ૪૫ ડિગ્રી કે તેથી વધુ પહોંચવાની શક્યતા છે.

તાપમાનનો પારો એટલો વધી ગયો છે કે, અમદાવાદ અને રાજકોટ જેવા શહેરમાં તો બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ પણ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હજી ૨૪ કલાક આ જ રીતે તાપમાન સહન કરવા તૈયાર રહેવું પડશે. અમદાવાદ સહિત કેટલાક શહેરમાં પારો ૪૪ ડિગ્રી સુધી જઈ શકે છે. તાપમાન વધવાનું કારણ પશ્ચિમ તરફથી ફૂંકાઈ રહેલા પવનો છે, અનુમાન પ્રમાણે બે દિવસ બાદ પવનની દિશા બદલાશે અને ગરમીથી આંશિક રાહત અનુભવાશે. અનુમાન એવું પણ છે જો બે દિવસમાં પવનની પેટર્ન નહીં બદલાય તો ગરમી લંબાશે અને વધારો પણ થઈ શકે છે. તબીબોએ પણ ગરમીના સમયમાં કામ વિના ઘરની બહાર નીકળવાનું ટાળવા અપીલ કરી છે. અમદાવાદમાં કાળઝાળ ગરમી અનુભવાઇ હતી. અમદાવાદમાં પાંચ વર્ષ બાદ મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયુ હતુ.જોકે, બપોરના સમયે મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૭ ડિગ્રીથી વધારે નોંધાયો હતો. આ ગરમીના કારણે બીમાર પડનારાની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદની સાથે ભાવનગરમાં પણ ગરમીએ પાછલા ચાર વર્ષના મે મહિનાનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. આ વખતની મહત્તમ ગરમીથી નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હજુ આગામી દિવસોમાં પણ કાળઝાળ ગરમી રહેશે તેમ હવામાન વિભાગ જણાવી રહ્યું છે. ભાવનગરમાં આજે મહત્તમ તાપમાનનો પારો ૪૪.૫ ડિગ્રીને પાર થયો હતો. સિઝનના સૌથી ઉંચા તાપમાનના કારણે માણસોની સાથે પશુ પક્ષીઓની હાલત દયનીય બની ગઈ હતી. ભાવનગરમાં બુધવારની ગરમીએ પાછલા ચાર વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.

# પીએમ મોદી ૨૯ મેના રોજ ગુજરાતમાં સભા ગજવશે

ગાંધીનગર,તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૨૯ મેના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન મોદી ગાંધીનગરમાં સહકારી મહાસંમેલનમાં સંબોધન કરશે. આ ઉપરાંત રાજકોટની પણ મુલાકાત લેવાના છે. જ્યાં પીએમ મોદી હોસ્પિટલના કાર્યક્રમમાં હાજરી આપશે. જ્યાં બે લાખથી વધુ પાટીદારોને સંબોધન કરશે.

પીએમ મોદી ૨૯ મેના રોજ ગાંધીનગર ખાતે ભાજપ શાસિત સહકારી સંસ્થાના આગેવાનોને સંબોધશે. આઝાદી પછી ગુજરાતમાં સહકારી સંસ્થાઓનું આ પહેલું સંમેલન યોજાઈ રહ્યું છે. જેમાં તમામ જિલ્લાના સહકારી આગેવાનો, ભાજપના અગ્રણીઓ હાજર રહેશે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે સંબોધનમાં પીએમ મોદી કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની સફળતાની વાત કરશે. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી ૨૯ મેના રોજ ગુજરાતમાં સભા ગજવશે. પીએમ મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે તેઓ રાજકોટની પણ મુલાકાત લેવાના છે. તેમના આગમનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટમાં એક હોસ્પિટલના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ ૨ લાખથી વધુ પાટીદારોને સંબોધશે.

તો બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતના પ્રવાસે આવશે. આગામી ૧૫ અને ૧૬ મેના રોજ ભાજપની ચિંતન શિબિરમાં ભાગ લેવા અમિત શાહ ગુજરાત આવી રહ્યા છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલની અધ્યક્ષતામાં બે દિવસની ચિંતન શિબિર યોજાઈ રહી છે.



આજે ૨૫૧૯ મો જૈન સ્થાપના દિવસ છે. આજે બધી જગ્યાએ અલગ રીતે ઉજવણી કરવામાં આવે છે.નવાવાડજ ખાતે આવેલા શંખેશ્વર પાર્શ્વનાથ મુ.પુ. જૈન સંઘ તુલશીશ્યામ ફ્લેટ માં બાળકો દ્વારા ધ્વજ પતાકા ફરકાવવામાં આવી હતી. સવારે સૌ પ્રથમ ભગવાન ને વિશીષ્ટ અભિષેક કરવામાં આવ્યો હતો. તે પછી બાળકો બહેનો અને ભાઈ ઓ દ્વારા શાશન વંદના ના ગીતો ગાવા માં આવ્યા હતા. આવેલા વડીલો બાળકો બધા દ્વારા શાશન નો ધ્વજ પતાકા ફરકાવી ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી. આ પ્રસંગે પાઠશાળા દરેક બાળકો હાજર રહ્યા હતાં આવનાર જૈન શાસન જે બાળકો ના હાથ માં આપવાનો છે તેઓ નો અને નાના મોટા દરેક નો ઉત્સાહ જૈન સ્થાપના દિને છલકાઈ જતો હતો.

# મોહિની એકાદશીએ મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને ચંદનના મનોરમ્ય કલાત્મક વાઘા - શણગાર

મોહિની એટલે મોહ પમાડનારી નહીં, પણ મોહમુક્ત કરનારી. રાગ, દ્વેષ અને મોહ જ પાપરૂપી અંધકારના કારણભૂત છે, તેને દૂર કરવાથી જ ધર્મનો પ્રકાશ ફેલાય છે. રાત્રિના પહેલા પ્રહરમાં દરેક જાગે, બીજા પ્રહરમાં ભોગી જાગે, ત્રીજા પ્રહરમાં ચોર જાગે અને ચોથા પ્રહરમાં યોગી જાગે. યોગ અને ભોગ એક જ છે. વ્રતી જયારે સાધનાની ચરમસીમા પર પહોંચી જાય છે ત્યારે યોગની સીમા આવી જાય છે, એનું મન મોહથી મુક્ત બની જાય છે. મોહની ક્ષણ પણ ચારિત્ર્યથી જીતી શકાય છે. મોહની ક્ષણ દરેકના જીવનમાં આવે છે. વૈશાખ મહિનાના શુક્લ પક્ષમાં આવતી એકાદશીને મોહિની એકાદશી કહેવામાં આવે છે.



પૌરાણિક કથાઓ મુજબ મોહિની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ સમુદ્ર મંથન દરમિયાન નીકળેલા અમૃત કળશને અસૂરોથી બચાવવા મટે મોહિની અવતાર ધારણ કર્યો હતો. તેથી તેને મોહિની એકાદશી કહે છે. ધાર્મિક માન્યતા મુજબ મોહિની એકાદશીનુ વ્રત કરનાર વ્યક્તિને મોહના બંધનથી દૂર થવા અને મોક્ષ મેળવવામાં મદદ કરે છે. આ વ્રતના પ્રભાવથી વ્યક્તિ બધા પાપોથી મુક્ત થઈ જાય છે. માન્યતા છે કે આ દિવસે વ્રત કથાનો પાઠ કે શ્રવણ કરવાથી એક હજાર ગાયોના દાન બરાબર પુણ્યની પ્રાપ્તિ થાય છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીમુખવાણી વચનામૃતમાં જણાવાયું છે કે, આ એકાદશી જે કરે છે તે આલોક અને પરલોકમાં સુખી થાય છે. જેમ કોઈ શાહુકારે હુંડી લખી હોય ત્યારે તેમાં રૂપિયા દેખાતા નથી, પણ તેને વટાવામાં આવે છે, ત્યારે રૂપીયાનો ઢગલો થાય છે. તેવી રીતે એકાદશી વ્રત કરનાર સુખી થાય છે. જે એકાદશી કરે છે તેને સ્વામિનારાયણ ભગવાન અંતકાળે દર્શન આપીને પોતાના અક્ષરધામમાં પણ લઈ જાય છે.

ગુણવંતી ગૂર્જર ભુમીના મહાનગર – હેરીટેજ સીટી અમદાવાદના દક્ષીણે આવેલા મણિ સમ સોહતા મણિનગરમાં લાખ્ખો શ્રદ્ધાળુઓનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિર છે. તેમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન – શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજને મોહિની એકાદશીના શુભ દિને શીતળ ચંદનના કલાત્મક વાઘાનો નયનરમ્ય શણગાર ધારણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગ્રીષ્મ ઋતુ દરમિયાન ભગવાનને ઠંડક-શીતળતા પ્રાપ્ત તદર્થે સંતો-ભક્તો દ્વારા ચંદન કાષ્ટને ઘસી અને તેના વિશિષ્ટ શણગાર ભગવાનને ધારણ કરાવવામાં આવે છે. શીતળતા આપવામાં શિરમોડ એવું ચંદન ભગવાનને ગરમીથી રાહત મળે તે પૂજનીય પૂજારી સંતો કલાત્મક ચંદન વાઘા – શણગાર અર્ધ્ય અર્પણ કરતા હોય છે. ચંદન એ સમર્પણનું પ્રતીક છે.તે ઘસાય છે છતાં પણ સુગંધ આપે છે અને માનવજીવનમાં ભગવાનની કસોટીમાં પણ પોતાના સદ્ગુણો જાળવી રાખવાની પ્રેરણા આપે છે. વૈશાખ સુદ એકાદશી - મોહિની એકાદશીએ ભગવાનને મનોરમ્ય અને કલાત્મક ચંદનના વાઘા પહેરાવવામાં આવે છે. જેનાં દર્શન કરી સંતો-ભક્તો, ભાવિકો ગ્રીષ્મ ઋતુમાં અંતરીક શીતળતા અનુભવે છે.

આ પાવનકારી દિવસોમાં સંધ્યા આરતી બાદ ભગવાનને ધરાવેલ ચંદન ઉતારી લેવામાં આવે છે. અને ચંદનની ગોટી બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ નિત્યપૂજામાં સંતો-ભક્તો તિલક કરવા માટે કરે છે. જેને કારણે ભગવાનનું પ્રસાદીભૂત ચંદન સદાય તેમના ભાલે સોહે છે, પવિત્રાતા તથા શીતળતાનો સંચાર થાય છે.

ભૂમંડળ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં દર્શનદાન અર્પતા ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન – શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરીકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના વિશિષ્ટતા સભર શણગાર ધરાવ્યા હતા. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અનુજ્ઞાથી મોટેરા સંતોએ અવિસ્મરણીય ચંદનના કલાત્મક શણગારમાં અભયદાન અર્પતા શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજની શણગાર આરતી ઉતારી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર તથા કડીથી લાઇવ દર્શન દેશ વિદેશમાં વસતા તમામ સત્સંગી હરિભક્તોએ કર્યા હતાં.

# લીમખેડાની હસ્તેશ્વર સાયન્સ સ્કૂલ નું લીમખેડા કેન્દ્રમાં ઝળહળતું પરિણામ

અભેસિંહ રાવલ દાહોદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ સાયન્સ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં દાહોદ જીલ્લા માં લીમખેડા કેન્દ્ર માં હસ્તેશ્વર સાયન્સ સ્કૂલ ૭૨.૨૨ ટકા પરિણામ સાથે સમગ્ર કેન્દ્ર માં પ્રથમ ક્રમાંકે રહી હતી જેમાં શાળા ના વિદ્યાર્થી પટેલ સ્નેહલ પી 92 P.R સાથે પ્રથમ ક્રમાંકે ,ચૌહાણ ધ્રુવ એસ 90 P.R સાથે દ્વિતીય ક્રમાંકે તેમજ બારીયા રોહન વી 84 P.R સાથે તૃતીય ક્રમાંકે ઉતીર્ણ થઈ શાળા નું તેમજ તાલુકા નું નામ રોશન કર્યું શાળાના ૧૦થી વધારે વિદ્યાર્થીઓ B2ગ્રેડ,સાથે ઉતીર્ણ થયા હતા.સંસ્થા ના મંત્રી ભરતભાઈ ભરવાડ ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ઉજ્વળ ભવિષ્ય ની શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.